# જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર-સંહિતા

Food and
Agriculture
Organization
of the United
Nations

# જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની
# આચાર-સંહિતા

સંયુક્ત રાષ્ટ્રનું અન્ન અને કૃષિ સંગઠન
રોમ – ૧૯૯૫

પુનઃમુદ્રણ: ૧૯૯૬, ૨૦૦૦, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૯

આ માહિતી અને પદનામ ઉપયોગ થાય છે તે અંગે યુનાઇટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન દ્વારા કોઈપણ અભિપ્રાય અભિવ્યક્તિ હોતું નથી અને પ્રસ્તુતિ બિલકુલ કોઈ દેશ, પ્રદેશ, શહેર અથવા વિસ્તાર અથવા કાનૂની અથવા વિકાસ સ્થિતિ અને તેના સત્તાવાળાઓઅથવા તેના સીમાડા અથવા સરહદો ના સીમાંકન સંબંધિત પૂર્વગ્રહ નથી.

**ISBN ૯૭૮-૯૨-૫-૧૦૩૮૩૪-૫**

આ ડોક્યુમેન્ટ  કૉપિરાઇટ છે. જેના તમામ હક એફ.એ.ઓ. પાસે અનામત છે. માલિકની પૂર્વ પરવાનગી વગરપુનઃપ્રાપ્તિ, સિસ્ટમમાં સંગ્રહકે કોઇપણ સ્વરૂપમાં અથવા મિકેનિકલ ઇલેક્ટ્રોનિક કોઈપણ માધ્યમ, ફેલાવો કે  ફોટોકોપી અથવા અન્યથા, પુનઃઉત્પાદન કરી શકાય નહી. ઉપરોક્ત ડોક્યુમેન્ટનાં વપરાશ માટે પરવાનગીની  અરજી **Director, Information Division, Food and Agriculture Organization of the United Nations, Viale delle Terme di Caracalla, 00100 Rome, Italy** ખાતે કરવાની રહેશે. અથવા **copyright@fao.org** ઉપર ઈમેઈલ કરવો.

**© એફ.એ.ઓ. ૧૯૯૫**

'CODE OF CONDUCT FOR RESPONSIBLE FISHERIES'

Gujarati Translation: Prof. Ketan V Tank

*Translated and Printed by the Bay of Bengal Programme*
*Inter-Governmental Organisation*
*March 2021*

Bay of Bengal Programme
Inter-Governmental Organisation
91, Saint Mary's Road, Abhiramapuram
Chennai - 600 018, Tamil Nadu, India
Tel: +91-44-24936188, 24936102
*Email:* info@bobpigo.org; website: www.bobpigo.org

# વિષયસૂચિ


| | |
|---|---|
| **આમુખ** | 4 |
| **પ્રસ્તાવના** | 7 |
| કલમ : ૧ - આચાર સંહિતાનો પ્રકાર અને ક્ષેત્ર | 7 |
| કલમ : ૨ - સંહિતાના ઉદેશો | 8 |
| કલમ : 3 - બીજા આંતર રાષ્ટ્રીય દસ્તાવેજો સાથે સંબંધ | 9 |
| કલમ : ૪ - અમલ, દેખરેખ નીયમન અને અધતનીકરણ | 10 |
| કલમ : ૫ - વિકસતા દેશોની ખાસ જરૂરીયાતો | 11 |
| કલમ : ૬ - સામાન્ય સિદ્ધાંતો | 11 |
| કલમ : ૭ - મત્સ્યોદ્યોગ સંચાલન | 15 |
| કલમ : ૮ - માછલા પકડવાની કામગીરી | 24 |
| કલમ : ૯ - જળચર પાલનનો વિકાસ | 32 |
| કલમ : ૧૦ - દરિયાકાંઠા વિસ્તારની વ્યવસ્થામાં મત્સ્યોદ્યોગનું એકીકરણ | 35 |
| કલમ : ૧૧ - મત્સ્ય પકડાશ પછીના વ્યવહારો અને વેપાર | 38 |
| કલમ : ૧૨ - મત્સ્યોદ્યોગ સંશોધન | 43 |
| જોડાણ : ૧ - સંહિતાના ઉદ્‌ભવ અને વિસ્તરણની પ્રાશ્ર્વભૂમિકા | 47 |
| જોડાણ : ૨ - ઠરાવ | 54 |

## આમુખ

પ્રાચીન સમયથી મચ્છીમારી એ માનવ માટે ખોરાક નું મુખ્ય સાધન અને આ પ્રવૃતિમાં રોકયેલાઓને રોજગાર તેમજ આર્થિક લાભ પુરો પાડતું સાધન છે. જળચર સાધનોની સંપતિને કુદરતની અમાપ બક્ષીસ માનવામાં આવતી હતી. આમ છતાં, બીજા વિશ્વ યુદ્ધ પછી વધતી જતી જાણકારી અને મત્સ્યોદ્યોગના ગતિશીલ વિકાસની સાથે, વધતી જતી વિશ્વની વસ્તીની પોષણ, આર્થિક અને સામાજિક સુખાકારીમાં તેનો ફાળો જાળવી રાખવો હોય તો જલ્ચારના સાધનો નવીનીકરણને પાત્ર હોવા છતાં અનંત નથી અને તેની યોગ્ય રીતે વ્યવસ્થા કરવી જરૂરી છે એવી સમજણની સામે આ દંતકથા લુપ્ત થતી જાય છે.

આઠમાં દાયકાની મધ્યમાં કેવળ આર્થિક ઝોન વિસ્તૃતપણે દાખલ કરવા અને સમુદ્રના કાયદા અંગે સયુંકત રાષ્ટ્ર સંમેલનની લાંબી વિચારણા પછી ૧૯૮૨ માં સ્વીકાર કરાતાં દરિયાઈ સાધનોની વધુ સારી વ્યવસ્થા માટેના નવા માળખાની જોગવાઈ કરવામાં આવી છે. સમુદ્રના નવા કાનૂનીશાસને દરિયા કાંઠાના રાષ્ટ્રોને તેમના કેવળ આર્થિક ઝોનમાં મત્સ્યોદ્યોગના સાધનોની વ્યવસ્થા અને ઉપયોગ માટે અધિકારો અને જવાબદારીઓ આપી. આમાં વિશ્વના દરિયાઈ મત્સ્યોદ્યોગના ૯૦ તકનો સમાવેશ થાય છે. આવી રીતે લાગુ પડેલ રાષ્ટ્રીય ક્ષેત્રાધિકાર જરૂરી હતો. પરંતુ મત્સ્યોદ્યોગના કાર્યક્ષમ્ સંચાલન અને સ્થિર વિકાસ પરત્વે અપૂરતી કાર્યવાહી હતી. ઘણા દરિયાકાંઠાના રાષ્ટ્રોને અનુભવનો અને નાણાકીય તથા ભૌતિક સાધનોના અભાવે ગંભીર પડકારો ચાલુ હતા તેઓ પોતાના કેવળ આર્થિક ઝોનમાં મત્સ્યોદ્યોગમાંથી મોટા લાભ મેળવવા માંગતા હતાં.

તાજેતરના વર્ષોમાં વિશ્વ મત્સ્યોદ્યોગના આહાર ઉદ્યોગનું બજારલક્ષી અને ગતિશીલતાથી વિકાસ પામતું સેક્ટર બની ગયું છે. અને દરિયાકાંઠાના રાષ્ટ્રો મત્સ્ય અને મત્સ્ય પેદાશો માટે વધતી જતી આંતરરાષ્ટ્રીય માંગના પ્રતિભાવમાં આધુનિક માછલા પકડવાના વહાણોના કાફલા અને પ્રક્રિયાલક્ષી કારખાનામાં (ઉદ્યોગ) મૂડી રોકાણ કરીને આ ક્ષેત્રે તેમની નવી તકોનો લાભ લેવા મળી રહ્યા છે. આમ છતાં મોડે મોડે ૧૯૮૦ સુધીમાં, એ સ્પષ્ટ થયું કે મત્સ્યોદ્યોગ સાધનો આવા ઝડપી અને બેકાબુ લાભપ્રદ ઉપયોગ અને વિકાસને લાંબા સમય સુધી સ્થિર રાખી શકશે નહિ. અને સંરક્ષણ અને પર્યાવરણની વિચારણાનો સમાવેશ કરતા મત્સ્યોદ્યોગ સંચાલનના નવા અભિગમોની તાકીદે જરૂરીયાત હતી. કેવળ આર્થિક ઝોનની અંદર અને ભાર થતી સરહદ વિસ્તારની સ્થાયી અને મોટા

ખર્ચ પાયે મધ ઊંડા દરિયાની અનિયંત્રિત મત્સ્ય પકડાશ, વધતી જતી ચિંતાની બાબત બની ગઈ હતી.

મત્સ્યોદ્યોગ અંગેની સમિતિએ માર્ચ, ૧૯૯૧ માં તેના ઓગણીસમા સત્રમાં જવાબદારીપૂર્ણ અને સ્થિર મત્સ્યોદ્યોગ તરફ દોરી જાય એવા નવા અભિગમોના વિકાસ માટે માગણી કરેલી. ત્યારબાદ કેનકન (મેક્સિકો) માં ૧૯૯૨ માં મળેલ જવાબદારીપૂર્ણ મચ્છીમારી અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદે આ બાબતોનો ઉલ્લેખ કરવા એક આંતરરાષ્ટ્રીય આચાર સંહિતા તૈયાર કરવા અન્ન અને કૃષિ સંગઠનને વિનંતી કરી હતી. આ પરિષદનું પરિણામ ખાસ કરીને કેનકનની જાહેરાતનો ૧૯૯૨ ની પર્યાવરણ અને વિકાસ અંગેની સયુંકત રાષ્ટ્ર પરિષદ, ખાસ કરીને તેના એજન્ડા ૨૧ (કાર્યસૂચિ -૨૧) નો મહત્વનો ફાળો હતો. ત્યારબાદ, સરહદનો સ્થાયી મત્સ્ય જથ્થો અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય જથ્થા અંગેની સયુંકત રાષ્ટ્રની પરિષદ બોલવામાં આવી હતી, જેને અન્ન અને કૃષિ સંગઠને મહત્વનું તાંત્રિક પીઠબળ પૂરું પાડ્યું હતું. નવેમ્બર,૧૯૯૩માં અન્ન અને સંગઠનપરિષદના સતાવીસમાં સત્રમાં ઉંડા દરિયામાં માછલા પકડવાના વહાણો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલનના પગલાંના અનુપાલનને ઉતેજન આપવાના કરારનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આની અને વિશ્વના મત્સ્યોદ્યોગમાં અન્ય અગત્યના વિકાસોની નોંધ લઈને, અન્ન અને કૃષિ સંગઠનની વહીવટી સંસ્થાઓએ આ દસ્તાવેજોને સુસંગત અને બિન-આદેશાત્મક રીતે સમગ્ર મત્સ્યોદ્યોગના સંરક્ષણ, સંચાલન અને વિકાસને લાગુ પડતા સિદ્ધાંતો અને ધોરણો પ્રસ્થાપિત કરે એવી જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની વૈશ્વિક આચાર સંહિતા તૈયાર કરવા ભલામણ કરેલી. અન્ન અને કૃષિ સંગઠનની પરિષદ દ્વારા ૩૧ મી ઓક્ટોબર-૧૯૯૫ના રોજ સર્વાનુમતિથી સ્વીકારવામાં આવેલ સંહિતામાં, પર્યાવરણની સંવાદિતામાં રહીને જળચરના હયાત સાધનોના સ્થિર લાભપ્રદ ઉપયોગની ખાતરી કરવા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય પ્રયાસો માટેના જરૂરી માળખાની જોગવાઈ કરવામાં આવી છે.

અન્ન અને કૃષિ સંગઠન તેના આદેશ અનુસાર સભ્ય રાષ્ટ્રોને, ખાસ કરીને વિકસતા દેશોને જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતાના કાર્યક્ષમ્ અમલીકરણમાં સહાય કરવા સંપૂર્ણપણે વચનબધ્ધ છે. અને હાંસલ કરેલ પ્રગતિ અને જરૂરી આગળની કાર્યવાહી અંગે સયુંકત રાષ્ટ્રના સમુદાયને જન કરશે.

## પ્રસ્તાવના

જળચર પાલન સહિત મત્સ્યોદ્યોગ વિશ્વભરમાં વર્તમાન અને ભાવી બન્ને પેઢીના લોકો માટે ખોરાક, રોજગાર, મનોરંજન, વેપાર, અને આર્થિક સુખાકારીનું મહત્વનું સાધન પૂરું પાડે છે અને તેથી તેનું જવાબદારીપૂર્વક સંચાલન કરવું જોઈએ. આ સંહિતામાં, પરિસ્થિતિ વિષયક પધ્ધતિ (ઈકોસિસ્ટમ) અને જૈવિક વિવિધતા ધ્યાનમાં રાખીને હયાત જળ સાધનોના અસરકારક સંરક્ષણ, સંચાલન અને વિકાસ જળવાઈ રહે એ દ્રષ્ટિએ જવાબદારીપૂર્ણ પ્રથા માટે આચરણના સિદ્ધાંતો અને આંતરરાષ્ટ્રીય ધોરણોનો સમાવેશ કરાયો છે. મત્સ્યોદ્યોગના પોષણ, આર્થિક, સામાજિક, પર્યાવરણ અને સાંસ્કૃતિક મહત્વ સેક્ટર સાથે સંબંધ ધરાવતા બધાના હિતો સંહિતામાં ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. સંહિતામાં સાધનોના જૈવિક લક્ષણો અને તેની પરીસ્થિતિ તથા ગ્રાહકો અને અન્ય વપરાશકારોના હિતો વિચાર્યા છે, મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ રાષ્ટ્રો અને બીજા બધાને સંહિતા લાગુ પાડવા અને તેનો અમલ કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે.

## કલમ-૧ આચાર સંહિતાનો પ્રકાર અને ક્ષેત્ર

૧.૧ આચાર સંહિતા મરજિયાત છે. આમ, છતાં, તેના કેટલાક ભાગો, ૧૦મી ડીસેમ્બર ૧૯૮૨ [૧] ના સમુદ્રના કાયદા અંગે સયુંકત રાષ્ટ્રના સંમેલનમાં વિચારાયેલ કાયદા સહિત આંતરરાષ્ટ્રીય કાયદાના સંબંધીત નિયમો પર આધારિત છે. અન્ન અને કૃષિ સંમેલનના ઠરાવ ૧૫-૯૩, ફકરા-૩ અનુસાર જે સંહિતાનો અંતર્ગત ભાગ બને છે એવા ૧૯૯૩ના મધદરિયે માછલા પકડવાના વહાણો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલન કાર્યવાહીના પાલન માટે પ્રોત્સાહન આપવાના કરાર જેવા પક્ષો વચ્ચેના બીજા ફરજીયાત કાનૂની દસ્તાવેજોથી બંધનકર્તાની અસર આપી શકશે અથવા આપવામાં આવી છે. એવી જોગવાઈઓનો પણ આ સંહિતામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૧.૨ આ સંહિતાનું ક્ષેત્ર વૈશ્વિક છે અને કૃષિ સંગઠનના સભ્યો તેમજ બિન સભ્યો, પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક સંગઠનો, સરકારી અથવા બિન-સરકારી અને મત્સ્યોદ્યોગના સંરક્ષણ તથા મત્સ્યોદ્યોગના સંચાલન અને વિકાસ સાથે સંબંધ ધરાવતી બધી વ્યક્તિઓ

---

૧. ૧૯૯૨ના સમુદ્ર કાયદા અંગેના સંયુક્ત રાષ્ટ્રના સંમેલન અથવા બીજા આંતરરાષ્ટ્રીય કરારોના આ સંહિતામાંના સંદર્ભો સંમેલનની સહી, બહાલી અથવા જોડાણ બાબતમાં અથવા આવા બીજા કરાર બાબતમાં કોઈ રાષ્ટ્રની સ્થિતિને પ્રતિકૂળ અસર કરતા નથી.

જેવી કે માછીમારો, મત્સ્ય અને મત્સ્ય પેદાશોની પ્રક્રિયા અને ખરીદ-વેચાણમાં રોકાયેલા અને મત્સ્યોદ્યોગ સંબંધમાં જળ પર્યાવરણનો ઉપયોગ કરનાર અન્ય દરેકને દિશાસૂચન કરે છે.

૧.૩ આ સંહિતામાં, સમગ્ર મત્સ્યોદ્યોગના સંરક્ષણ, સંચાલન અને વિકાસને લાગુ પડતા સિદ્ધાંતો અને ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં, મચ્છીમારીની પ્રક્રિયા અને વેપાર તથા મત્સ્ય પેદાશો, જળચર ઉછેર, મત્સ્ય સંશોધન અને દરિયાકાંઠાના વિસ્તારમાં એકીકરણની વ્યવસ્થા પણ આવરી લેવામાં આવેલ છે.

૧.૪ આ સંહિતામાં રાષ્ટ્રોના સંદર્ભમાં તેની ક્ષમતાની બાબતમાં યુરોપીયન સમુદાય નો સમાવેશ થાય છે અને મત્સ્યોદ્યોગ શબ્દપ્રયોગ માછલાં પકડવા અને જળચર પાલનને સમાન રીતે લાગુ પડે છે.

## કલમ-૨ સંહિતાના ઉદેશો

**સંહિતાના ઉદેશો** :

(ક) પ્રસ્તુત જીવવિજ્ઞાન વિષયક, પ્રૌદ્યોગિક, આર્થિક, સામાજિક, પર્યાવરણલક્ષી અને વાણિજ્યિક પાંસા ધ્યાનમાં રાખીને જવાબદારીપૂર્ણ મચ્છીમારી અને મત્સ્યોદ્યોગની પ્રવુત્તિઓ માટે આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રસ્તુત નિયમો અનુસાર સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવા.

(ખ) મત્સ્યોદ્યોગ સાધનોની જવાબદારીપૂર્ણ જાળવણી માટે રાષ્ટ્રીય નીતિ તૈયાર કરીને ટે અમલમાં મુકવા માટેના સિધ્ધાંતો અને માપદંડ પ્રસ્થાપિત કરવા,

(ગ) જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટે અને યોગ્ય તૈયાર કરીને અમલમાં મુકવા માટે જરૂરી કાનૂની અને સંસ્થાકીય માળખું અને પ્રસ્થાપિત કરવા અથવા સુધારવા રાષ્ટ્રોને મદદ કરવાના ચોક્કસ સાધન તરીકે સેવા આપવી.

(ઘ) બંધનકર્તા અને સ્વૈચ્છિક બન્ને પ્રકારના આંતરરાષ્ટ્રીય કરારો અને અન્ય કાનૂની દસ્તાવેજો ઘડવામાં અને અમલમાં કરવામાં જ્યાં યોગ્ય જણાય ત્યાં, ઉપયોગમાં લઇ શકાય એવું માર્ગદર્શન પૂરું પાડવું.

(ચ) મત્સ્યોદ્યોગના સાધનોની જાળવણી અને મત્સ્યોદ્યોગના સંચાલન અને વિકાસમાં તાંત્રિક, નાણાકીય અને અન્ય સહયોગ સરળ બનાવવો અને પ્રોત્સાહન આપવું.

(છ) સ્થાનિક સમુદાયોની પોષણ જરૂરીયાતોને અગ્રતા આપતી આહાર સલામતી અને આહાર ગુણવતામાં મત્સ્યોદ્યોગના ફાળાને ઉતેજન આપવું,

(જ) હયાત જળચર સાધનો અને તેના પર્યાવરણ અને દરિયાકાંઠાના વિસ્તારોના રક્ષણને પ્રોત્સાહન આપવું.

(ઝ) સુસંગત આંતરરાષ્ટ્રીય નિયમોને અનુરૂપ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના વેપારને પ્રોત્સાહન આપવું અને આવા વેપારમાં બનતા ગ્રુપ અવરોધ રૂપ પગલાનો ઉપયોગ ટાળવો.

(ટ) મત્સ્યોદ્યોગ પર તેમજ તેની સંકળાયેલ પરિસ્થતિ વિષયક પધ્ધતિ (ઇકોસિસ્ટમ) તથા સુસંગત પર્યાવરણલક્ષી પરિબળો વિશે સંશોધનને પ્રોત્સાહન આપવું.

(ઠ) મત્સ્યોદ્યોગ સેક્ટરમાં સામેલ બધી વ્યક્તિઓ માટે આચાર ધોરણે પૂરાં પાડવા.

## કલમ-૩ બીજા આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો સાથે સબંધ

૩.૧ ૧૯૮૨ના સમુદ્રના કાયદા અંગે સયુંકત રાષ્ટ્ર સંમેલનમાં દર્શાવ્યા પ્રમાણે આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રસ્તુત નિયમોને અનુરૂપ આ સંહિતાનું અર્થઘટન કરવામાં આવશે અને લાગુ પાડવામાં આવશે. આ સંહિતાની કોઈ પણ બાબત, સંમેલનમાં જણાવ્યા પ્રમાણે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ રાષ્ટ્રોના અધિકારો, ક્ષેત્રાધિકાર અને ફરજોને પ્રતિકૂળ અસર કરશે નહિ.

૩.૨ સંહિતાનું નીચે પ્રમાણે અર્થઘટન કરીને લાગુ પાડવામાં આવશે.

(ક) સરહદી વિસ્તારનો સ્થાયી મત્સ્ય જથ્થો અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય જથ્થાના સંરક્ષણ અને સંચાલનને લગતી ૧૦ મી નવેમ્બર, ૧૯૮૨ના સમુદ્ર કાયદા અંગેના સયુંકત રાષ્ટ્રના સંમેલનની જોગવાઈના અમલીકરણ માટે ના કરારની સબંધિત જોગવાઈઓને અનુરૂપ રીતે.

(ખ) જે આંતરરાષ્ટ્રીય કરારોના તેઓ પક્ષકાર હોય તે કરારો અનુસાર રાષ્ટ્રોની જે તે જવાબદારીઓ સહિત આંતરરાષ્ટ્રીય કાયદાના અન્ય લાગુ પડતા નિયમો અનુસાર

(ગ) ૧૯૯૨ ની કેન્કેન (CNCUN) જાહેરાત, પર્યાવરણ અને વિકાસ અંગે ૧૯૯૨ ની રિયો જાહેરાત તથા પર્યાવરણ અને વિકાસ અંગેની સયુંકત રાષ્ટ્ર પરિષદે સ્વીકારેલ કાર્યસૂચી ૨૧., ખાસ કરીને કાર્યસૂચિ ૨૧ નું પ્રકરણ ૧૭ અને બીજા સુસંગત જાહેરાતો અને આંતરરાષ્ટ્રીય જાહેરાત અને આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોને લક્ષમાં રાખીને,

## કલમ-૪ અમલ, દેખરેખ નિયમન અને આધુનિકરણ

૪.૧ અન્ન અને કૃષિ સંગઠનના બધા સભ્યો અને બિન સભ્યો, પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક સંગઠનો-સરકારી અથવા બિન-સરકારી અને હયાત મચ્છીમારી તેમજ મત્સ્યોદ્યોગ સાધનોના સંરક્ષણ, સંચાલન અને ઉપયોગ તથા મત્સ્ય અને મત્સ્ય પેદાશોના વેપાર સાથે સંબંધ ધરાવતી બધી વ્યક્તિઓ આ સંહિતામાં સમાવિષ્ટ ઉદેશો અને સિદ્ધાંતોના પાલન અને અમલીકરણમાં સહયોગ આપશે.

૪.૨ સયુંકત રાષ્ટ્રની પધ્ધતિમાં તેની કામગીરી અનુસાર અન્ન અને કૃષિ સંગઠન, આ સંહિતા લાગુ પાડવા અને તેના અમલીકરણ પર તથા મત્સ્યોદ્યોગ પર તેની અસર પર દેખરેખ નિયમન રાખશે અને સચિવાલય તે અનુસાર મત્સ્યોદ્યોગ સમિતિને એહવાલ આપશે. અન્ન અને કૃષિ સંગઠનના સભ્ય અથવા બિન સભ્ય બધા રાષ્ટ્રો તેમજ સબંધિત સરકારી બિન સરકારી આંતરરાષ્ટ્રીય સંગઠનો, આ કામમાં અન્ન અને કૃષિ સંગઠનને સક્રિય સહકાર આપશે.

૪.3 મત્સ્યોદ્યોગ વિકાસ તેમજ સંહિતાના અમલીકરણ અંગે મત્સ્યોદ્યોગ સમિતિને આપેલા અહેવાલ ધ્યાનમાં લઈને અન્ન અને કૃષિ સંગઠન તેની સમક્ષ સંસ્થાઓ દ્વારા સંહિતામાં સુધારો કરી શકશે.

૪.૪ રાષ્ટ્રો અને સરકારી કે અર્ધ સરકારી આંતરરાષ્ટ્રીય સંગઠનો જ્યાં શક્ય હોય ત્યાં, સંહિતાના સ્વૈચ્છિક સ્વીકાર અંગે તેને અસરકારક રીતે લાગુ પડે એવી યોજનાઓ શરૂ કરવા સંહિત મત્સ્યોદ્યોગમાં સામેલ બધાને સંહિતાની સમજૂતી આપવા પ્રોત્સાહન આપશે.

## કલમ-૫ વિકસતા દેશોની ખાસ જરૂરિયાત

૫.૧ આ સંહિતાની ભલામણો અમલમાં મૂકવાની વિકસતા દેશોની ક્ષમતા યોગ્ય રીતે ધ્યાનમાં લેવી જોઈએ.

૫.૨ આ સંહિતાની ઉદેશો સિદ્ધ કરવા અને તેના અસરકારક અમલીકરણને સમર્થન આપવા દેશો, સંબંધિત સરકારી કે બિન સરકારી આંતરરાષ્ટ્રીય સંગઠનો અને નાણાકીય સંસ્થાઓ વિકસતા દેશો ખાસ કરીને અલ્પ વિકસિત અને નાણા ટાપુના વિકસતા દેશોના ખાસ સંજોગો અને જરૂરીયાતોને સંપૂર્ણ માન્યતા આપશે. રાષ્ટ્રો, સંબંધિત આંતરરાષ્ટ્રીય સરકારી કે બિન સરકારી સંગઠનો અને નાણાકીય સંસ્થાઓ, વિકસતા દેશોની ખાસ કરીને નાણાકીય અને તાંત્રિક સહાય, ટેકનોલોજીની તબદીલી તાલીમ અને વૈજ્ઞાનિક સહકારના ક્ષેત્રમાં તેમજ તેમનો પોતાનો મત્સ્યોદ્યોગ વિકસાવવા અને ઉંડા દરિયામાં મચ્છીમારીમાં ભાગ લેવાની તેમજ આવા મત્સ્યોદ્યોગ સુધી પહોંચવામાં તેમની ક્ષમતામાં વધારો કરવાની જરૂરિયાતો સંતોષવાના પગલા અપનાવવા માટે કાર્ય કરશે.

## કલમ-૬ સામાન્ય સિદ્ધાંતો

૬.૧ મત્સ્યોદ્યોગ સંચાલન આહાર સલામતી, ગરીબી નિવારણ અને સ્થિર વિકાસના સંદર્ભમાં વર્તમાન અને ભાવી પેઢી માટે પૂરતા જથ્થામાં મત્સ્ય સાધનોની ગુણવતા, વિવિધતા અને પ્રાપ્યતાની જાળવણીને પ્રોત્સાહન આપશે. સંચાલનની કાર્યવાહી લક્ષ્યાંકિત જાતોના સંરક્ષણ ઉપરાંત આવી જ પર્યાવરણ પધ્ધતિ જાતો અથવા લક્ષ્યાંકિત જાતો સાથે સંકળાયેલ અથવા આધારીતજાતોનું પણ સંરક્ષણ કરશે.

૬.૨ ફિશરીઝ મેનેજમેન્ટ દ્વારા હાલના ફિશરીઝ રિસોર્સને એવી રીતે સાચવવા કે જેથી તેનો ઉપયોગ હાલ અને ભવિષ્યમા ખોરાક, ગરીબી અને વિકાસ માટે મદદરૂપ બને. સાવધાનીનાં પગલા ફક્ત તે મત્સ્ય પૂરતા જ ન રાખતા તેના નીવસનતંત્ર પર પણ લેવા જરૂરી છે.

૬.૩ રાષ્ટ્રો વધુ માછલાં પકડવાનું અને માછલાં પકડવાની અધિક ક્ષમતા અટકાવશે અને મત્સ્ય સાધનોની ઉત્પાદકીય ક્ષમતા અને તેના સ્થિર ઉપયોગને અનુરૂપ મચ્છીમારીના

પ્રયાસો કરવામાં ખાતરીપૂર્વકના સંચાલનના પગલા અમલમાં મુકશે. રાષ્ટ્રો શક્ય તેટલે અંશે અને જયારે યોગ્ય લાગે ત્યારે વસતિના પૂન સ્થાપનના પગલા લેશે.

૬.૪ મત્સ્યોદ્યોગ માટેના સંરક્ષણ અને સંચાલનના નિર્ણયો ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પુરાવા પર અને પ્રાપ્તિસ્થાનો અને તેના વસવાટની પરંપરાગત જાણકારી તેમજ પ્રસ્તુત પર્યાવરણલક્ષી, આર્થિક અને સામાજિક પરિબળોને ધ્યાનમાં રાખીને તેના પર આધારિત હોવા જોઈએ. રાષ્ટ્રોએ પરીસ્થિતિ વિષયક પધ્ધતિ પર તેની અરસપરસ અસર સહિત મત્સ્યોદ્યોગની વૈજ્ઞાનિક અને ટેકનીકલ જાણકારી સુધારવા સંશોધન હાથ ધરવું જોઈએ અને માહિતી એકઠી કરવી જોઈએ. કેટલીયે જળચર પરિસ્થતિવિષયક પધ્ધતિના ટ્રાન્સબાઉન્ડરી પ્રકાર માન્ય રાખવામાં દેશોએ યોગ્ય લાગે તેવા સંશોધનમાં વિપક્ષી અને બહુપક્ષી સહકારને ઉતેજન આપવું.

૬.૫ રાષ્ટ્રો અને પેટા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ વ્યવસ્થાતંત્રોએ, હયાત જળચર સાધનો વસાવવા અને ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પુરાવાને ધ્યાનમાં રાખીને જળચર પર્યાવરણ જાળવવા હયાત જળચર સાધનોના સંરક્ષણ, વ્યવસ્થા અને લાભપ્રદ ઉપયોગને સાવચેતીપૂર્વકનો અભિગમ લાગુ પાડવો. પૂરતી વૈજ્ઞાનિક માહિતી અભાવનો, લક્ષ્યાંકિત જાતો, સંલગ્ન જાતો અથવા આશ્રિત જાતો અને બિન લક્ષ્યાંકિત જાતો તથા તેના પર્યાવરણના સંરક્ષણના પગલા મુલતવી રાખવામાં કે પગલા લેવાની નિષ્ફળતા માટેના કારણ તરીકે ઉપયોગ કરવો જોઈએ નહિ.

૬.૬ જૈવિક વૈવિધ્ય જાળવી રાખવા અને વસતિ માળખું તથા જળચર પરિસ્થિતિ વિષયક પધ્ધતિના સંરક્ષણ માટે અને માછલીની ગુણવતાના રક્ષણ માટે પસંદગીની અને પર્યાવરણની અને પર્યાવરણની વ્યવહારિક દ્રષ્ટિએ સલામત મચ્છીમારીના સાધનો અને રીતો, વિકસાવવા જોઈએ. જ્યાં યોગ્ય પસંદગીની અને પર્યાવરણની દ્રષ્ટિએ સલામત મચ્છીમારીનાં સાધનો અને રીતો અસ્તિત્વમાં છે. ત્યાં તેનો સ્વીકાર કરીને મત્સ્યોદ્યોગ માટે સંરક્ષણ અને વ્યવસ્થાના પગલાં પ્રસ્થાપિત કરવા અગ્રતા આપવી જોઈએ. રાષ્ટ્રો અને જળચક્ર પર્યાવરણ પધ્ધતિના વપરાશકારો ઉપયોગ કરનારા દુર્વ્યય ઓછો કરશે અને માછલી અને માછલી સિવાયની બિન લક્ષ્યાંકિત જાતો પકડવાનું ઘટાડશે જેથી સંલગ્ન તથા આશ્રિત જાતો પર અસર ઓછી થશે.

૬.૭ મત્સ્ય અને મત્સ્ય પેદાશોની ઉપજ, હેરફેર, પ્રક્રિયા અને વિતરણ એવી રીતે કરવું જેમાં પેદાશોનું પોષણ મુલ્ય, ગુણવતા અને સલામતી જળવાઈ રહે. બગાડ ઓછો થાત અને પર્યાવરણ પર નકારાત્મક અસર ઓછામાં ઓછી થાય.

૬.૮ દરિયામાંના અને મીઠાપાણીની પરીસ્થિતિ વિષયક પ્ધ્ધ્તીમાંના બધા મહત્વના મત્સ્ય નિવાસ સ્થાનો જેવા કે વેટલેન્ડ, મેન્ગ્રુવ, રિફ લગુન, નર્સરી અને બ્રીડીંગ ક્ષેત્રોનું રક્ષણ કરવું. અને શક્ય તેટલે અંશે જ્યાં જરૂરી હોય ત્યાં સુધી પુનઃસ્થાપન કરવું. આવા નિવાસ સ્થાનોને નાશ પામતા, પાંખા થતા અટકાવવા તેમજ પ્રદુષણથી બચાવવા અને મત્સ્ય સાધનોની તંદુરસ્તી તથા જીવનક્ષમતાને ભયરૂપ એવી માનવ પ્રવૃતિઓને પરિણામે થતી અન્ય વિશેષ અસરોથી બચાવવા ચોક્કસ પ્રયત્ન કરવો જોઈએ.

૬.૯ રાષ્ટ્રોએ ખાતરી કરવી જોઈએ કે દરિયાકાંઠાના વિસ્તારનો બહુવિધ ઉપયોગ કરવામાં સાધનોના સંરક્ષણની જરૂરત સહિત તેમના મત્સ્યોદ્યોગના હિતો ધ્યાનમાં રાખવામાં આવે અને તેનું દરિયાકાંઠાના વિસ્તારની વ્યવસ્થા, આયોજન અને વિકાસમાં સંકલન કરવામાં આવે.

૬.૧૦ પોતાના જે તે અધિકારોમાં રહીને અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તેમજ પેટા પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્ય સંરક્ષણ અને સંચાલન સંગઠનો અથવા વ્યવસ્થાના માળખામાં રહીને રાષ્ટ્રોએ જોવું જોઈએ કે સંરક્ષણ અને સંચાલનના પગલાનું પાલન કરવામાં આવે અને અમલમાં મુકવામાં આવે તથા માછલાં પકડવાના વહાણો અને માછલાં પકડવાના સહાયક વહાણોની પ્રવૃત્તિ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા યોગ્ય એવી અસરકારક તંત્ર-વ્યવસ્થા પ્રસ્થાપિત કરવામાં આવે.

૬.૧૧ પોતાના ધ્વજ(FLAG) ફરકાવવા માછલાં પકડવાના અને માછલાં પકડવાના સહાયક વહાણોના અધિકાર આપતા રાષ્ટ્રોએ, આ સંહિતાને યોગ્ય રીતે લાગુ પાડવામાં આવે એ જોવા આ વહાણો પર અસરકારક નિયંત્રણ રાખવું, તેઓ એ જોશે કે આવા વહાણોની પ્રવૃતિઓ, આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર લીધેલ અને રાષ્ટ્રીય, પેટા-પ્રાદેશિક અને પ્રાદેશિક તથા વૈશ્વિક સ્તરે અપનાવેલ સંરક્ષણ અને સંચાલન પગલાની અસરકારકતાને નબળી અ પાડે. રાષ્ટ્રો એની પણ ખાતરી કરશે કે પોતાના ધ્વજ ફરકાવતા વહાણો તેમની માછલાં પકડવાની પ્રવૃતિઓને લગતી માહિતી એકઠી કરીને પૂરી પાડીને લગતી તેમની જવાબદારીનું પાલન કરે.

૬.૧૨ રાષ્ટ્રો પોતાના જે તે અધિકારોમાં રહીને અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર મત્સ્યોદ્યોગ વ્યવસ્થાતંત્રો, બીજા આંતરરાષ્ટ્રીય કરારો અથવા અન્ય વ્યવસ્થા મારફત સંરક્ષણ અને સંચાલનને પ્રોત્સાહન આપવા પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે સહકાર આપશે. જવાબદારીપૂર્ણ મચ્છીમારીની ખાતરી કરશે તથા રાષ્ટ્રીય શ્રેતાધીકારની અંદર અને બહારના વિસ્તારોમાં અનુરૂપ પગલાં માટેની જરૂરિયાત ધ્યાનમાં રાખીને તેમની વિતરણની સમગ્ર રેન્જ દરમિયાન હયાત જળચર સાધનોની અસરકારક જાળવણી અને રક્ષણની ખાતરી કરશે.

૬.૧૩ રાષ્ટ્રો, રાષ્ટ્રો કાયદા અને વિનિયોગથી પરવાનગીપાત્ર મર્યાદામાં જોશે કે નિર્ણય કરવાની પ્રક્રિયા પારદર્શક હોય અને તાકીદની બાબતોનો સમયસર ઉકેલ લાવવામાં આવે. રાષ્ટ્રો યોગ્ય કાર્ય પદ્ધતિ અનુસાર મત્સ્યોદ્યોગ સંચાલન, વિકાસ, આંતરરાષ્ટ્રીય ધિરાણ અને સહાયને લગતા કાયદા અને નીતિના વિકાસની બાબતમાં નિર્ણય કરવામાં મત્સ્યોદ્યોગ કામદારો, પર્યાવરણ અને અન્ય હિત ધરાવતા સંગઠનોની સાથે ચર્ચા વિચારણા અને અસરકારક સહયોગથી સરળતા કરી આપશે.

૬.૧૪ મત્સ્ય અને મત્સ્ય પેદાસોનો આંતરરાષ્ટ્રીય વેપાર વિશ્વ વેપાર સંગઠનના કરાર અને અન્ય સુસંગત આંતરરાષ્ટ્રીય કરારોમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો, અધિકારો અને જવાબદારીઓ અનુસાર કરવો જોઈએ. રાષ્ટ્રો એ જોશે કે મત્સ્ય અને મત્સ્ય પેદાશોમાં વેપારને લગતી તેમની નીતિ, કાર્યક્રમો અને પ્રથાને પરિણામે આ વેપારમાં અવરોધો ઉભા ન થાય, પર્યાવરણની ક્ક્ષા નીચી ન ઉતરે અથવા પોષણ સહીત નકારાત્મક સામાજિક અસરો ન ઉદભવે.

૬.૧૫ વિવાદો અટકાવવા રાષ્ટ્રોએ સહકાર આપવો. માછલાં પકડવાની પ્રવૃત્તિઓ અને પ્રથાને લગતા બધા વિવાદોનું લાગુ પડતા આંતરાષ્ટ્રીય કરારો અનુસાર અથવા અન્યથા પક્ષકારો વચ્ચે સંમતિ સધાય એ રીતે સમયસર શાંતિપૂર્ણ અને સહકારીની રીતે સમાધાન કરવું. વિવાદનું સમાધાન કાર્યપધ્ધતિના આખરી બધ આવ્યા સિવાય વ્યવહારિક પ્રકારની કામચલાઉ વ્યવસ્થા કરવા દરેક પ્રયાસ કરવા જોઈએ.

૬.૧૬ જેના પર તેઓનો આધાર છે. એવા મત્સ્ય સાધનોના અને સંચાલન સમજવાના માછીમારો અને મત્સ્ય ઉછેરકોના મુખ્ય મહત્વને સ્વીકારીને રાષ્ટ્રો, શિક્ષણ અને તાલીમ દ્વારા જવાબદારીપૂર્ણ મચ્છીમારીની જાગૃતિ માટે પ્રોત્સાહન આપશે. સંહિતાનો અમલ

સરળ બનાવવાની દ્રષ્ટીએ નીતિ ઘડવામાં અને અમલીકરણ પ્રક્રિયામાં માછીમારો અને મત્સ્ય ઉછેરકોએ સામેલ કરવામાં આવે એ પણ તેઓ જોશે.

૬.૧૭ રાષ્ટ્રો ખાતરી કરવી જોઈએ કે મચ્છીમારીની સવલતો અને સાધનસામગ્રી તેમજ બધી મચ્છીમારી પ્રવૃત્તિઓ સલામત, તંદુરસ્ત અને વ્યાજબી કામગીરી અને જીવંત પરિસ્થિતિમાં કરવામાં આવે અને સંબંધીત આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અપનાવેલ આંતરરાષ્ટ્રીય સંમત ધોરણોને પહોંચી વળે એ રીતે કરવામાં આવે.

૬.૧૮ રોજગાર, આવક અને સલામત આહાર તરીકે મુખ્યત્વે નાના પાયા પર થતા મત્સ્ય ઉછેરના ફાળાનું મહત્વ સ્વીકારીને રાષ્ટ્રોએ, ખાસ કરીને આવા નાના પાયાના પરંપરાગત, મચ્છીમારી કરીને ગુજરાન ચલાવતા માછીમારોને પોતાની રાષ્ટ્રીય જળસંપત્તિમાં રહીને, મત્સ્ય પ્રાપ્તિના પસંદગીના સ્થળો, માછીમારી કરવા દેવાના હક્કોનું યોગ્ય રક્ષણ કરશે.

૬.૧૯ રાષ્ટ્રોએ મત્સ્ય ઉછેરને આવક વધારવાના અને આહારમાં વિવિધતા લાવવાના સાધન તરીકે ગણવો જોઈએ. પરંતુ સ્થાનિક સમુદાય પર પર્યાવરણની ઓછામાં ઓછી પ્રતિકૂળ અસર થાય તે રીતે જવાબદારીપૂર્વક સાધનોનો ઉપયોગ કરશે.

## કલમ-૭ મત્સ્યોદ્યોગ સંચાલન

### ૭.૧ સામાન્ય

૭.૧.૧ મત્સ્યોદ્યોગ સંચાલનમાં રોકાયેલા રાષ્ટ્રો અને તેમાં સંકળાયેલા તમામે યોગ્ય નીતિ, કાનૂની અને સંસ્થાકીય માળખા દ્વારા મત્સ્યોદ્યોગ સાધનોના યોગ્ય ઉપયોગ માટેના લાંબા ગાળામાં રક્ષણાત્મક માપદંડ અપનાવશે. પછી ભલે તે સ્થાનિક રાષ્ટ્રીય, પેટા-પ્રાદેશિક કે પ્રાદેશિક કક્ષાના હોય પણ તે ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત હોવા જોઈએ. અને વર્તમાન તથા ભાવી પેઢી માટે તેના અધિકતમ ઉપયોગ અને તેની પ્રાપ્યતા જાળવવાના ઉદેશને ઉતેજન આપે એવા સ્તરોએ મત્સ્ય સાધનોની લાંબા ગાળાની સ્થિરતાની ખાતરી મળે એ તૈયાર કરવા જોઈએ. ટૂંકા ગાળાની વિચારણાથી આ ઉદેશો સાથે સમાધાન કરશે નહી.

૭.૧.૨ રાષ્ટ્રીય શ્રેતાધિકાર હેઠળના વિસ્તારોમાં રાષ્ટ્રો મત્સ્ય સાધનોના ઉપયોગ ને સંચાલનમાં પ્રસ્તુત દેશના ઘરેલું અને કાયદેસર હિત ધારકોને મુકરર કરવા પ્રયત્નો કરશે

અને જવાબદારીપૂર્ણ મચ્છીમારી કરવામાં તેમનો સહયોગ મેળવવા તેમની સાથે ચર્ચા-વિચારણા માટેના પ્રબંધ કરશે.

૭.૧.૩ સરહદ બહારનો મત્સ્ય જથ્થો સરહદી વિસ્તારનો સ્થાયી મત્સ્ય જથ્થો મોટા પાયે સ્થળાંતર કરતો મત્સ્ય જથ્થો અને ઉંડા દરિયાનો મત્સ્ય જથ્થો કે જેનો લાભપ્રદ ઉપયોગ બે કે તેથી વધુ રાષ્ટ્રો દ્વારા થતો હોય ત્યાં સંબંધીત રાષ્ટ્રોએ પરસ્પર સહકાર સાધીને આવા રાષ્ટ્રોનું અસરકારક સંચાલન અને સંરક્ષણ કરવાનું રહેશે.

૭.૧.૪ પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન-સંગઠન અથવા વ્યવસ્થાનું જે રાષ્ટ્રોના ક્ષેત્રોધિકારમાં સાધનો આવેલા હોય તે રાષ્ટ્રોના પ્રતિનિધિઓ તેમજ મત્સ્યોદ્યોગમાં અથવા રાષ્ટ્રીય ક્ષેત્રાધિકાર બહારના સાધનોમાં જે દેશોનું ખરેખર હિત હોય એવા દેશોમાંથી પ્રતિનિધિઓનો સમાવેશ કરવો. જેમાં પેટા પ્રાદેશિક અને પ્રાદેશિક સંચાલન તંત્ર અથવા વ્યવસ્થા અસ્તિત્વમાં હોય અને સંરક્ષણ અને સંચાલનના પગલાં પ્રસ્થાપિત કરવાની ક્ષમતા હોય ત્યાં તે રાષ્ટ્રોએ આવા સંગઠનના સભ્ય બનીને અથવા આવી વ્યવસ્થામાં ભાગીદાર થઈને અને તેના કામમાં સક્રિય ભાગ લઈને સહકાર આપવો.

૭.૧.૫ જે દેશ પેટા પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન તંત્રનો સભ્ય નહિ હોય અથવા પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક સંચાલન વ્યવસ્થામાં ભાગીદાર નહિ હોય તેમ છતાં આવા તંત્ર અથવા વ્યવસ્થાઓ અપનાવેલ કોઈ સંરક્ષણ અને સંચાલન પગલાને અસરકારક બનાવીને સુસંગત મત્સ્યોદ્યોગ સાધનોના સંરક્ષણ અને સંચાલનમાં પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય કરારો અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર સહકાર આપશે.

૭.૧.૬ મત્સ્યોદ્યોગ સાથે સંબંધ પ્રસ્તુત સંગઠનો, સરકારી અને બિન સરકારી બંનેના પ્રતિનિધિઓને પેટા પ્રાદેશિક અને પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન તંત્રો અને વ્યવસ્થાની બેઠકોમાં નિરીક્ષક તરીકે અથવા અન્યથા યોગ્ય લાગે તો સંબંધિત તંત્ર અથવા વ્યવસ્થાની કાર્યપધ્ધતિ અનુસાર ભાગ લેવાની તક આપશે. આવા પ્રતિનિધિઓને રેકર્ડ અને અહેવાલો જોઈ જવા સમય આપવો.

૭.૧.૭ રાષ્ટ્રો, તેમના સંરક્ષણ અને સંચાલન પગલાનું તેમજ પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક સંગઠનો અથવા તંત્રોએ અપનાવેલ પગલાનું પાલન કરવામાં આવે તે જોવા, પોતાના જે તે અધિકારો અને ક્ષમતામાં રહીને મત્સ્યોદ્યોગ દેખરેખ નિયમન, તકેદારી, નિયંત્રણ અને અમલ બજવણી માટે અસરકારક તંત્ર – રચના પ્રસ્થાપિત કરવી.

૭.૧.૮ રાષ્ટ્રોએ માછલાં પકડવાની અધિક ક્ષમતા અટકાવવી અથવા નાબુદ કરવી અને મચ્છીમારીના પ્રયાસોના કક્ષા સંરક્ષણ પગલાની અસરકારકતાની ખાતરીના સાધનરૂપે મત્સ્ય સાધનોના સ્થિર ઉપયોગ સાથે સુસંગત રહે તે જોવું.

૭.૧.૯ રાષ્ટ્રો અને પેટા – પ્રાદેશિક અને પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન ક્ષેત્રો અને વ્યવસ્થાતંત્રોએ મત્સ્યોદ્યોગ સંચાલન માટેની તંત્ર વ્યવસ્થામાં અને સંબંધીત નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શકતાની ખાતરી કરવી.

૭.૧.૧૦ રાષ્ટ્રો અને પેટા – પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન તંત્ર અને વ્યવસ્થાતંત્રોએ સંરક્ષણ અને સંચાલન પગલાનો યોગ્ય પ્રચાર કરવો અને જેવું કે તેના અમલીકરણને લાગુ પડતા કાયદા, વિનિમયો અને અન્ય કાનૂની નિયમોનો અસરકારક રીતે પ્રસાર કરવામાં આવે. આવા પગલાંના સિધ્ધાંત અને હેતુઓ તેના ઉપયોગમાં સરળતા કરી આપવા સાધનોનો ઉપયોગ કરનારાઓને સમજાવવા અને આમ આવા પગલાંના અમલીકરણમાં વધુ સમર્થન મેળવવું.

**૭.૨ સંચાલનના ઉદેશો**

૭.૨.૧ મત્સ્યોદ્યોગ સાધનોનો લાંબા ગાળાનો સ્થિર ઉપયોગ સંરક્ષણ અને સંચાલનના ઉદેશની અવગણના કરે છે. એ સ્વીકારી લઈએ રાષ્ટ્રો અને પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન તંત્રો અને વ્યવસ્થાતંત્રોએ બીજી બાબતોની સાથોસાથ વિકસતા દેશોની ખાસ જરૂરિયાતો સહિત અનુરૂપ પર્યાવરણલક્ષી અને આર્થિક પરિબળો દ્વારા અધિકતમ સ્થિર ઉપજ આપી શકે એવા સ્તરોએ જથ્થો જાળવી રાખવા અને પુનઃસ્થાપન કરવામાં આવે એવા ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સાબિતી પર આધારિત યોગ્ય પગલાં અપનાવવા જોઈએ.

૭.૨.૨ આવા પગલામાં બીજી બાબતોની સાથો સાથ નીચેની જોગવાઈ કરવી.

(ક) માછલાં પકડવાની વધુ પડતી ક્ષમતા નિવારવામાં આવે અને જથ્થાનો લાભપ્રદ ઉપયોગ આર્થિક રીતે પોષણક્ષમ રહે તે જોવું.

(ખ) જે આર્થિક પરિસ્થતિ હેઠળ માછલાં પકડવાના ઉદ્યોગો કામ કરે તે જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ વિકસાવે.

(ગ) મુખ્ય અને નાના પાયાના અને મત્સ્યઉદ્યોગોથી ગુજરાન  ચલાવનાર સહિત માછીમારોનું હિત ધ્યાનમાં રાખવામાં આવે.

(ઘ) જળચર નિવાસ સ્થાનોનું જૈવિક વૈવિધ્ય અને પરિસ્થતિ વિષયક પધ્ધતિનું સંરક્ષણ કરવામાં આવે અને જેની સામે જોખમ હોય એવી જાતોનું રક્ષણ કરવામાં આવે.

(ચ) ખૂટી ગયેલ જથ્થાને ફરી વધારો કરવામાં આવે અથવા યોગ્ય જણાય ત્યાં સક્રિય રીતે પુનઃસ્થાપન કરવામાં આવે.

(છ) માનવ પ્રવૃતિઓની સાધનો પરની પ્રતિકુળ પર્યાવરણ વિષયક અસરોનો ક્યાસ કાઢીને, યોગ્ય જણાય ત્યાં સુધારા કરવામાં આવે અને

(જ) વ્યવહાર તેટલે અંશે પસંદગીના પર્યાવરણની દ્રષ્ટીએ સલામત અને ખર્ચ સામે વળતરરૂપ માછલા પકડવાના સાધનો અને ટેકનિકના વિકાસ અને ઉપયોગ સહિતના પગલાં દ્વારા પ્રદુષણ, બગાડ, કાઢી નાખેલ, ગુમ થયેલ કે ત્યજી દીધેલાં સાધનોથી પકડવાનું, માછલી અને માછલી સિવાયની બિન લક્ષ્યાંકિત બંને જાતો પકડવાનું, આછું કરવામાં આવે અને સંલગ્ન જાતો અથવા આશ્રિત જાતો પરની અસર ઓછી કરવામાં આવે.

૭.૨.૩  લક્ષ્યાંકિત જથ્થા પર અને એ જ પરિસ્થતિ વિષયક પદ્ધતિની જાતો અથવા આશ્રિત જાતો પર પર્યાવરણ વિષયક પરિબળોની અસરનો રાષ્ટ્રો ક્યાસ કાઢશે અને પરિસ્થતિ વિષયક પદ્ધતિમાં વસતિ જૂથો વચ્ચેનો સંબંધોની મુલની કરશે.

**૭.૩ સંચાલન માળખું અને કાર્યપધ્ધતિઓ**

૭.૩.૧  વધુ અસરકારક થવા માટે મત્સ્યોદ્યોગ સંચાલન, વહેચણીના તેના સમગ્ર વિસ્તારમાં સંપૂર્ણ સ્ટોક એકમ સાથે સંબંધ ધરાવતું હોવું જોઈએ અને અગાઉ પ્રસ્થાપિત સંમત સંચાલન પગલાં ધ્યાનમાં રાખવા અને એજ પ્રદેશમાં સ્ટોકના બધા સ્થળાંતરો અને જીવ વિજ્ઞાન વિષયક એકતા અને અન્ય જીવ વિજ્ઞાન વિષયક લક્ષણોને લાગુ પાડવા ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સાબિતીનો બીજી બાબતોની સાથો સાથ સાધનોના વિતરણનો વિસ્તાર અને તેના જીવનકાળ દરમિયાન ક્યાં વિસ્તારમાંથી સ્થળાંતર કરે છે તે વિસ્તાર નક્કી કરવા ઉપયોગ કરવો.

૭.૩.૨ તેમના સમગ્ર ક્ષેત્રમાં ટ્રાન્સબાઉન્ડરી મત્સ્ય સ્ટોક, સ્ટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક, ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક અને મધ દરિયે મત્સ્ય સ્ટોકનું સંરક્ષણ અને સંચાલન કરવા, સંબંધિત રાષ્ટ્રોના જે તે અધિકારો અનુસાર પ્રસ્થાપિત સંરક્ષણ અને સંચાલન પગલા અથવા જ્યાં યોગ્ય હોય ત્યાં પેટા-પ્રાદેશિક અને પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન તંત્રો અને વ્યવસ્થા સુસંગત હોવા જોઈએ. સુસંગત સંબંધિત રાષ્ટ્રોના હક્ક, યોગ્યતા અને હિતોના અનૂરૂપ રીતે હાંસલ કરવી.

૭.૩.૩ લાંબી મુદતના સંચાલન ઉદેશોને મત્સ્યોદ્યોગ સંચાલન યોજના અને અન્ય વ્યવસ્થા માળખા તરીકે તૈયાર કરીને સંચાલન કાર્યોમાં ફેરવવા.

૭.૩.૪ રાષ્ટ્રો અને જ્યાં યોગ્ય હોય ત્યાં, પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અને વ્યવસ્થાતંત્રોએ, માહિતી ભેગી કરવી અને વિનિમય, મત્સ્ય સંશોધન, વ્યવસ્થા અને વિકાસ સહિત મત્સ્યોદ્યોગને લગતી બધી બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહકાર અને સંકલનને પ્રોત્સાહન આપવું.

૭.૩.૫. સક્ષમ પેટા પ્રાદેશિક અથવા પ્રાદેશિક સંચાલન સંગઠન અથવા વ્યવસ્થાતંત્ર એ લીધેલ સંરક્ષણ અને સંચાલનના પગલાને અસર કરે એવી, બિન મત્સ્યોદ્યોગ સંગઠન દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવા માંગતા રાષ્ટ્રોએ શક્ય તેટલી વ્યવહારિક રીતે અગાઉથી સંબંધિતો સાથે મસલત કરવી અને તેમના મંતવ્યો વિચારણામાં લેવા.

### ૭.૪ વિગતો એકઠી કરવી અને સંચાલન સલાહ

૭.૪.૧ સંરક્ષણ અને સંચાલનના પગલાં અપનાવવા વિચાર કરતી વખતે, મત્સ્યોદ્યોગ સાધનોની હાલની પરીસ્થિતિનું અને સાધનો પર સૂચિત પગલાંની શક્ય તેટલી અસરનું મૂલ્યાંકન કરવા ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સાબિતી ધ્યાનમાં રાખવી.

૭.૪.૨ સાધનો પર સંશોધન અને હવામાન, પર્યાવરણ વિષયક અને સામાજિક આર્થિક પરિબળોની અસર અંગે સંશોધન સહિત મત્સ્યોદ્યોગ સંરક્ષણ અને સંચાલનના સંશોધનને ઉતેજન આપવું. આવા સંશોધનના પરિણામોનો હિત ધરાવતા પક્ષકારોમાં પ્રસાર કરવો.

૭.૪.૩ ખર્ચ, લાભ અને મચ્છીમારી સુયોજિત બનાવવા તૈયાર કરેલ વૈકલ્પિક સંચાલન વિકલ્પો ખાસ કરીને, માછલા પકડવાની અધિક ક્ષમતા અને અતિશય માત્રામાં માછલા

પકડવાના પ્રયાસોને લગતા વિકલ્પોની અસરની સમજણ આપતા અભ્યાસને ઉતેજન આપવું.

૭.૪.૪ પકડેલ માછલીના જથ્થા અને માછલાં પકડવાના પ્રયાસો અંગે સમયસર, સંપૂર્ણ અને વિશ્વસનીય આંકડા, લાગુ પડતા આંતરરાષ્ટ્રીય ધોરણો અને પ્રથા અનુસાર તથા સંગીન આંકડાકીય પૃથ્થકરણ કરી શકાય એવી પુરતી વિગતે એકઠા કરીને જાળવવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું જોઈએ. આવી માહિતી નિયમિત રીતે અધતન બનાવવી અને યોગ્ય પધ્ધતિ દ્વારા ચકાસવી જોઈએ. રાષ્ટ્રોએ કોઈ લાગુ પડતી ગુપ્તતા અંગેની જરૂરીયાતોને અનૂરૂપ રીતે આવી માહિતી સંકલિત કરીને પ્રસારિત કરવી જોઈએ.

૭.૪.૫ મત્સ્યોદ્યોગના સ્થિર સંચાલન અને સામાજિક અને આર્થિક ઉદેશો સિદ્ધ થાય એની ખાતરી કરવા, માહિતી એકત્રીકરણ, પૃથ્થકરણ અને સંશોધન દ્વારા સામાજિક, આર્થિક અને સંસ્થાકીય પરિબળોની પૂરતી જાણકારી વિકસાવવી જોઈએ.

૭.૪.૬ રાષ્ટ્રોએ પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અથવા વ્યવસ્થા તંત્રો દ્વારા આવરી લેવાયેલ મત્સ્ય સ્ટોકને લગતી મત્સ્યોદ્યોગ સંબંધી અને અન્ય સહાયિત વૈજ્ઞાનિક માહિતી આંતરરાષ્ટ્રીય રીતે નિયમ ફોર્મેટમાં સંકલિત કરવી અને સંગઠન અથવા વ્યવસ્થાતંત્રને સમયસર રીતે તે પૂરી પાવી. એક કરતા વધુ રાષ્ટ્રોના ક્ષેત્રાધિકારમાં આવતા હોય અને જેના માટે આવું સંગઠન કે વ્યવસ્થા નથી એવા સ્ટોકના કેસોમાં સંબંધિત રાષ્ટ્રોએ આવી માહિતી સંકલિત કરવા અને તેનો વિનિમય કરવા સહકાર આપવા એક તંત્ર વ્યવસ્થા અંગે સંમત થવું.

૭.૪.૭ પેટા પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અથવા વ્યવસ્થાતંત્રોએ, કોઈ લાગુ પડતી ગુપ્તતાની જરૂરીયાતને અનુરૂપ રીતે, સમયસર અને નિયત પત્રકમાં માહિતી સંકલિત કરીને આ સંગઠનોના બધા સભ્યો અને અન્ય હિત ધરાવતા પક્ષકારોને નિયત કાર્યપદ્ધતિ અનુસાર ઉપલબ્ધ કરી આપવી.

**૭.૫ સાવચેતી અભિગમ**

૭.૫.૧ રાષ્ટ્રોએ તેમનું રક્ષણ કરવા અને જળચર પર્યાવરણ જાળવી રાખવા વિસ્તૃત રીતે હયાત જળચર સાધનોના સંરક્ષણ, સંચાલન અને લાભપ્રદ ઉપયોગ અંગે સાવચેતી અભિગમનો ઉપયોગ કરવો. પૂરતી વૈજ્ઞાનિક માહિતીના અભાવનો, સંરક્ષણ અને

સંચાલનના પગલાં મુલતવી રાખવા અથવા તે લેવામાં નિષ્ફળતાના કારણ તરીકે ઉપયોગ કરવો નહિ.

૭.૫.૨ સાવચેતી અભિગમના અમલીકરણમાં રાષ્ટ્રોએ, બીજી બાબતોની સાથો સાથ, જથ્થાનું પ્રમાણ અને ઉત્પાદકતાને લગતી અચોક્કસતા, સંદર્ભ મુદ્રા, આવા સંદર્ભ મુદ્રાના સંબંધમાં જથ્થાની સ્થિતિ મત્સ્ય મૃત્યુ પ્રમાણનો દર અને ફેલાવો અને બિન લક્ષ્યાંકિત તથા સંલગ્ન અથવા આશ્રિત જાતો પર તેમજ પર્યાવરણ અને સામાજિક પરિસ્થતિ પર માછલાં પકડવાની પ્રવૃતિઓની અસર ધ્યાનમાં લેવી.

૭.૫.૩ રાષ્ટ્રો અને પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અને વ્યવસ્થા તંત્રોએ, બીજી બાબતોની સાથો સાથ ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સાબિતીના આધારે નીચેની બાબતો નિશ્ચિત કરવી.

(ક) જથ્થા નિયત લક્ષ્યાંક સંદર્ભ મુદ્રા અને સાથો સાથ જો તે વધી જાય તો કરવાની કાર્યવાહી અને

(ખ) જથ્થાની નિયત મર્યાદા વધી જાય તોઃ મર્યાદા સંદર્ભ મુદ્રા સુધી પહોંચી જાય તો તે વધી ન જાય એ પગલાં લેવા.

૭.૫.૪ નવા કે મત્સ્ય ક્ષેત્રના કેસોમાં રાષ્ટ્રોએ શક્ય એટલી વહેલી તકે બીજી બાબતોની સાથો સાથ માછલા પકડવાની મર્યાદા અને પ્રયત્ન મર્યાદા સહિત સંરક્ષણ અને સંચાલનના સાવચેતીપૂર્વકના પગલાં અપનાવવા જથ્થાની લાંબી મુદતની સ્થિરતા પર મત્સ્યોદ્યોગની અસરની મુલવણી કરવા પુરતી માહિતી અ હોય ત્યાં સુધી આવા પગલાં અમલમાં રહેશે. જે પછી તે મુલવણી પર આધારિત સંરક્ષણ અને સંચાલનના પગલાં અમલમાં મુકવામાં આવશે. પછીના પગલાં તરીકે જો યોગ્ય લાગે તો મત્સ્યોદ્યોગના ક્રમશઃવિકાસ માટે છૂટ આપવી.

૭.૫.૫ કુદરતી ઘટનાની હયાત જળચર સાધનોના દરજ્જા પર નોંધપાત્ર પ્રતિકુળ અસર હોય તો રાષ્ટ્રોએ, માછલાં પકડવાની પ્રવૃતિથી આવી પ્રતિકુળ અસરમાં વધારો ન થાય એ જોવા તાકીદના ધોરણે આવા પગલાં અપનાવવા તાકીદના ધોરણે લીધેલ પગલાં કામચલાઉ હશે અને ઉપલબ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત હશે.

**૭.૬ સંચાલન પગલાં**

૭.૬.૧ રાષ્ટ્રોએ ખાતરી કરવી કે માછલાં પકડવાનું સ્તર મત્સ્યોદ્યોગના સાધનોની સ્થિતિને અનૂરૂપ રહે.

૭.૬.૨ રાષ્ટ્રોએ આમ કરવાનો અધિકાર આપવામાં આવ્યો હોય તે સિવાય મધ દરિયા માટે અંતરરાષ્ટ્રીય કાયદાની અનૂરૂપ રીતે અથવા રાષ્ટ્રીય ક્ષેત્રાધિકારના વિસ્તારોમાં રાષ્ટ્રીય કાયદાને સુસંગત રીતે માછલા પકડવા કોઈ જહાજને છૂટ આપવામાં ન આવે તે જોવા પગલાં અપનાવવા.

૭.૬.૩ જ્યાં વધુ માછલાં પકડવાની ક્ષમતા હોય ત્યાં મત્સ્ય સાધનોના સ્થિર ઉપયોગને અનૂરૂપ સ્તર સુધી ક્ષમતા ઘટાડવા તંત્ર-વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી. જેથી જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ ને પ્રોત્સાહન મળે એવી આર્થિક સ્થિતિ હેઠળ માછીમારો કામ કરે એ નિશ્ચિત કરી શકાય. આવી તંત્ર-વ્યવસ્થામાં માછલાં પકડવાના વહાણના કાફલાની ક્ષમતા પર દેખરેખ નિયમનનો પણ સમાવેશ કરવો.

૭.૬.૪ હાલનાં બધા માછીમારીનાં સાધન, પધ્ધતિ અને પ્રથાની કામગીરીની ચકાસણી કરવી અને મચ્છીમારીનાં સાધન, પદ્ધતિઓ અને પ્રથા જે જવાબદારીપૂર્ણ મચ્છીમારી સાથે સુસંગત ન હોય તેના તબક્કા પાડીને વધુ સ્વીકાર્ય વિકલ્પોથી બદલવામાં આવે તે જોવા પગલાં લેવા, આ પ્રક્રિયામાં સાધનોના લાભપ્રદ ઉપયોગની તેમના સામર્થ્ય સહિત માછીમાર સમુદાય પર આવા પગલાંની અસર પ્રત્યે ખાસ ધ્યાન આપવું.

૭.૬.૫ રાષ્ટ્રો અને મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અને વ્યવસ્થાતંત્રોએ મચ્છીમારોનું એવી રીતે નિયમન કરવું કે જેથી જુદા (પ્રકારના) વહાણ, સાધન અને માછલાં પકડવાની પદ્ધતિનો ઉપયોગ કરતા માછીમારો વચ્ચે સંઘર્ષનું જોખમ તાલી શકાય.

૭.૬.૬ મત્સ્યોદ્યોગ ના સાધનોના ઉપયોગ, સંરક્ષણ અને સંચાલન અંગે નિર્ણય કરતી વખતે રાષ્ટ્રીય કાયદા અને વિનિમયો અનુસાર, જેઓ પોતાના જીવન નિર્વાહ માટે મત્સ્યોદ્યોગ સાધનો પર વધુ આધારિત છે. એવા દેશી લોકો અને સ્થાનિક માછીમાર સમુદાયની પરંપરાગત પ્રથા જરૂરતો અને હિતને યોગ્ય માન્યતા આપવી.

૭.૬.૭ વૈકલ્પિક સંરક્ષણ અને સંચાલન પગલાના મૂલ્યાંકનમાં તેના ખર્ચ સામે મળતર અને સામાજિક અસર વિચારવી.

૭.૬.૮ સંરક્ષણ અને સંચાલન પગલાંનો પ્રભાવ અને તેમની શક્ય પરસ્પર અસર પર સતત સમીક્ષા કરતા રહેવું. આવા પગલાં યોગ્ય લાગે ત્યારે નવી માહિતીને લક્ષમાં રાખીને સુધારવા અથવા નાબુદ કરવા.

૭.૬.૯ રાષ્ટ્રો, કાઢી નાખેલા, ગુમ થયેલ કે ત્યજી દીધેલાં સાધનોથી મચ્છીમારી કરવાનું, માછલી અને માછલી સિવાયની બિન લક્ષ્યાંકિત જાતો પકડવાનું તથા બગાડ ઓછા કરવા અને સંલગ્ન અથવા આશ્રિત જાતો ખાસ કરીને જે જાતો ભયમાં હોય તેના પર નકારાત્મક અસર ઓછી કરવા યોગ્ય પગલાં ભરશે. જ્યાં યોગ્ય હોય ત્યાં, આવા પગલાંમાં માછલીના અને જાળનાં કદ, બંધ મોસમ અને પસંદગીની જાતો ખાસ કરીને મહત્વનો મત્સ્યોદ્યોગ માટે અનામત રાખેલ વિસ્તારો અને ઝોનને લગતા તાંત્રિક પગલાંનો સમાવેશ કરી શકાશે. આવા પગલાં જ્યાં યોગ્ય હોય ત્યાં જુવેનાઇલ અને બ્રિડસને લાગુ પાડવા, રાજ્યો અને પેટા પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અને વ્યવસ્થા તંત્રોએ વ્યવહાર તેટલે અંશે પસંદગીની પર્યાવરણની દ્રષ્ટીએ સલામત અને ખર્ચ સામે વળતર આપે તેવી જાળ(ગીયર) અને પધ્ધતીના વિકાસને પ્રોત્સાહન આપવું.

૭.૬.૧૦ રાષ્ટ્રો અને પેટા પ્રાદેશિક અને પ્રાદેશિક સંચાલન સંગઠનો અને વ્યવથાતંત્રો તેમના જે તે અધિકારોના માળખામાં ઓછી થઈ ગયેલી મત્સ્ય સંપતિ માટે તથા ઓછી થવાનો ભય હોય માટે

**૭.૭ અમલીકરણ**

૭.૭.૧. દરેક દેશે પોતાના દેશની કાયદાકીય વ્યવસ્થા ધ્યાને લઈને તેનું પાલન દેશેના દરેક ભાગમાં થાય જેથી સારી રીતે ફિશરીઝનુ સંચાલન થઇ શકે.

૭.૭.૨. ઉપરોક્ત સલામતીના પગલા દેશમાં કોઈ પણ પ્રકારનું તનાવપૂર્ણ વાતાવરણ ઉભું નથી કરતા તે ધ્યાને લઇ તેના માટે અગાઉથી જ માહિતીએકઠી કરી સંચાલન કરવું.

૭.૭.૩. દરેક દેશે પોતાના નિયમો મુજબ ફિશરીઝ માટે મોનીટરીંગ, કન્ટ્રોલ અને દેખરેખ રાખવી, તદ્દુપરાંત બોટ પર નજર રાખી શકાય એવી પ્રણાલી પણ વિકસાવવી. આવા પગલાને પ્રોત્સાહન આપી અને ફિશરીઝ મેનેજમેન્ટ કરવું.

૭.૭.૪. દેશના દરેક પ્રદેશ અને પેટાપ્રદેશ તેનું પાલન કરે તે માટે તેને ઉપયુક્ત ભંડોળ, અને ફાયદો થાય તે રીતે તેને માહિતગાર કરવું. જો મેનેજમેન્ટ માટે પૈસા આપી શકાય તો એ ખુબ જ ઉપયોગી અને અસરકારક થઇ શકે.

૭.૭.૫. પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય કરારોને પ્રતિકુળ અસર કર્યા વિના જ્યાં આવી જરૂરિયાત આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલન પગલાનું પાલન નહી થવાની સંભાવના વધતી હોય ત્યાં લાભાર્થીના રાષ્ટ્ર સિવાય અન્ય રાષ્ટ્રના ક્ષેત્રાધિકારમાં માછલાં પકડવાના વહાણ અથવા માછલા પકડવાના સહાયક વહાણ લઇ ન જાય એવી લોન અથવા ગીરોની એક શરત તરીકે રાષ્ટ્રો, બેંકો અને નાણાકીય સંસ્થાઓને પ્રોત્સાહન આપશે.

૭.૮. વાણીજ્ય સંસ્થા

૭.૮.૧. દેશની વાણીજ્ય વ્યવસ્થાને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તે રીતે બેંક અને બીજા ધિરાણ કરી શકે તેવી સંસ્થાને ભંડોળ પૂરું પાડવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ સારી રીતે મેનેજમેન્ટ થઇ શકે.

## કલમ-૮ માછલા પકડવાની કામગીરી

### ૮.૧ બધા રાષ્ટ્રોની ફરજો

૮.૧.૧ તેમના ક્ષેત્રાધિકાર હેઠળના પાણીમાં તેમણે છૂટ આપેલ માત્ર માછલાં પકડવાની કામગીરી કરવામાં આવે અને આ કામગીરી જવાબદારીપૂર્ણ રીતે હાથ ધરવામાં એ રાષ્ટ્રોએ જોવું.

૮.૧.૨ રાષ્ટ્રોએ તેમણે આપેલ બધી અધિકૃતીઓનું દફતર રાખવું અને સમયાંતરે અધતન બનાવવું.

૮.૧.3 રાષ્ટ્રો, માન્ય આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો અનુસાર તેમણે છૂટ આપેલ તમામ માછલા પકડવાની કામગીરી વિશે આંકડાકીય માહિતી રાખશે અને નિયમિત સમયાંતરે અધતન બનાવશે.

૮.૧.૪ રાષ્ટ્રો, આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર પેટા-પ્રાદેશિક અથવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંચાલન સંગઠનો અથવા વ્યવસ્થાતંત્રોના માળખામાં રહીને તેમના રાષ્ટ્રીય ક્ષેત્રાધિકાર બહારના પાણીમાં માછલા પકડવાની કામગીરી અને તેને લગતી પ્રવૃતિઓ બાબતમાં

લાગુ પડતી કાર્યવાહી પર દેખરેખ નિયમન, નિયંત્રણ, તકેદારી અને અમલ માટેની પદ્ધતિઓ પ્રસ્થાપિત કરવા સહકાર આપશે.

૮.૧.૫ રાષ્ટ્રો ખાતરી કરશે કે માછલા પકડવાની પ્રવૃતિમાં રોકાયેલા દરેક માટે આરોગ્ય અને સલામતીનાં ધોરણો અપનાવવામાં આવે. આવા ધોરણો કામકાજ અને સેવાની શરતો અંગેના પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય કરારોની ન્યુનતમ જરૂરિયાત કરતા ઓછા હશે નહિ.

૮.૧.૬ રાષ્ટ્રો વ્યક્તિગત રીતે બીજા રાષ્ટ્રો સાથે અથવા યોગ્ય આંતરરાષ્ટ્રીય સંગઠન સાથે મળીને દરિયાઈ શોધ અને બચાવ પદ્ધતિમાં માછલાં પકડવાની કામગીરીનું સંકલન કરશે.

૮.૧.૭ રાષ્ટ્રો શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો મારફત માછીમારોનું શિક્ષણ અને કૌશલ અને જ્યાં યોગ્ય હોય ત્યાં તેમની વ્યવસાયિક લાયકાતમાં વધારો કરશે. આવા કાર્યક્રમોમાં સંમત આંતરરાષ્ટ્રીય ધોરણો એને માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લેવી.

૮.૧.૮ રાષ્ટ્રો યોગ્ય એવી રીતે માછીમારોનું રેકર્ડ રાખશે જેમાં શક્ય હોય ત્યારે તેમના રાષ્ટ્રીય કાયદા અનુસાર યોગ્યતા પ્રમાણપત્રો સહિત તેમની સેવા અને લાયકાતો અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવશે.

૮.૧.૯ રાષ્ટ્રો ખાતરી કરશે કે માછલાપકડવાના વહાણની કામગીરીને લગતા ગુનાના આરોપ મુકાયેલ કપ્તાન અને અન્ય અધિકારીઓ બાબતમાં લાગુ પડતા પગલામાં બીજી બાબતોની સાથો સાથ માછલાં પકડવાના વહાણના કપ્તાન અથવા અધિકારી તરીકે સેવા બજાવવાની અધિકૃત તરીકે સેવા બજાવવાની અધિકૃત માટેના પાડવાની પાછી ખેચવાની અથવા મોકૂફ રાખવાની છૂટ આપતી જોગ્વૈઓનો સમાવેશ કરવામાં આવે.

૮.૧.૧૦ રાષ્ટ્રો પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંગઠનોની સહાયથી શિક્ષણ અને તાલીમ મારફતે જોવા પ્રયાસ કરશે કે માછલા પકડવાની કામગીરીમાં રોકાયેલા બધાને આ સંહિતાની અતિ મહત્વની જોગવાઈઓ તેમજ પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંમેલનની જોગવાઈઓ વિશે માહિતી આપવામાં આવે તથા જવાબદારીપૂર્ણ માછલા પકડવાની કામગીરીની ખાતરી માટે આવશ્યક એવા લાગુ પડતા પર્યાવરણ અને અન્ય ધોરણોની પણ માહિતી આપવામાં આવે.

## ૮.૨ ધ્વજ રાષ્ટ્ર (FLAG STATE) ની ફરજો

૮.૨.૧ ધ્વજ રાષ્ટ્રો પોતાનો ધ્વજ ફરકાવતા હક ધરાવતો અને માછલાં પકડવા માટે ઉપયોગ કરવા અધિકૃત માછલા પકડવાના વહાણોનું દફતર નોંધ રાખશે અને આવા દફતર વહાણ તેની માલિકી અને માછલા પકડવાની અધિકૃત વિગતો દર્શાવશે.

૮.૨.૨ ધ્વજ રાષ્ટ્રોએ આવા વહાણોને નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય અને સક્ષમ સતાધિકારી દ્વારા માછલાં પકડવાનો અધિકાર આપવામાં આવ્યો હોય તે સિવાય માછલાં પકડવાના વહાણો મધ દરિયે અથવા અન્ય રાજ્યોના ક્ષેત્રાધિકાર હેઠળના જળ વિસ્તારમાં પોતાનો મત્સ્ય ધ્વજ ફરકાવવા હકદાર નથી તે જોવું. આવા વહાણોએ નોંધણી પ્રમાણપત્ર અને માછલાં પકડવાની તેમની અધિકૃત સાથે રાખવાં.

૮.૨.૩ મધ દરિયે અથવા ધ્વજ રાષ્ટ્ર સિવાય અન્ય રાષ્ટ્રના ક્ષેત્રાધિકાર હેઠળના જળ વિસ્તારમાં માછલા પકડવા અધિકૃત માછલા પકડવાના વહાણો પર એક સરખી અને આંતરરાષ્ટ્રીય રીતે માન્યતાપાત્ર વહાણ પર નિશાની કરવાની પદ્ધતિઓ જેવી કે અન્ન અને કૃષિ સંગઠનના ધોરણસરના વિશિષ્ટ વર્ણનો અને માછલાં પકડવાના વહાણોને નિશાની કરવાની અને ઓળખ માટેની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર નિશાની કરવામાં આવશે.

૮.૨.૪ માછલા પકડવાની જાળો પર રાષ્ટ્રીય કાયદા અનુસાર નિશાની કરવી જેથી જાળોના માલિક ઓળખી શકાય. જાળને નિશાની કરવાની જરૂરીયાતોમાં એક સમાન અને આંતરરાષ્ટ્રીય માન્યતાપાત્ર જાળને નિશાની કરવાની પદ્ધતિ ધ્યાનમાં રાખવી.

૮.૨.૫ ધ્વજ રાષ્ટ્રોએ ખાતરી કરવી કે આંતરરાષ્ટ્રીય સંમેલનો, આંતરરાષ્ટ્રીય રીતે સંમત પધ્ધતિ સંહિતા અને સ્વૈચ્છિક માર્ગદર્શક સૂચનાઓ અનુસાર માછલાં પકડવાના વહાણો અને માછીમારો માટે યોગ્ય સલામતીની જરૂરીયાતોનું પાલન કરવામાં આવે, આવા આંતરરાષ્ટ્રીય સંમેલનો પધ્ધતિ, સંહિતા અથવા સ્વૈચ્છિક માર્ગદર્શક સૂચનાઓથી આવરી ન લેવાયેલ નાના વહાણો માટે રાષ્ટ્રોએ યોગ્ય સલામતીની જરૂરિયાતો અપનાવવી.

૮.૨.૬ મધ દરિયામાં માછલાં પકડતાં વહાણો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલન પગલાને પાલનને પ્રોત્સાહન આપવાના કરારના પક્ષકાર નથી એવા દેશોને કરાર સ્વીકારવા અને કરારની જોગવાઈઓને સુસંગત કાયદા અને વિનિમયો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા.

૮.૨.૭ ધ્વજ રાષ્ટ્રોએ પોતાનો ધ્વજ ફરકાવવા હકદાર માછલાં પકડવાના વહાણો જેને લાગુ પડતાં સંરક્ષણ અને સંચાલન પગલાંનો તેમના દ્વારા ભંગ કર્યાનું જણાય તેમની બાબતમાં તેમ જ યોગ્ય જણાય ત્યાં, આવા પગલાના ઉલ્લંઘનને રાષ્ટ્રીય કાયદા હેઠળ ગુનો ગણવાની બાબતમાં અમલ-બજવણીના પગલાં લેવા. ઉલ્લંઘનની બાબતમાં લાગુ પડતી સજા પાલનની ખાતરી મેળવવામાં અને ઉલ્લંઘન જ્યાં થતું હોય ત્યાં તેને પ્રોત્સાહન નહિ આપવા અસરકારક બને એવી પુરતી ગંભીર હોવી જોઈએ અને ગુનેગારોને તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી મળતા લાભોથી વંચિત રાખવા જોઈએ. ગંભીર ઉલ્લંઘન માટેની આવી સજામાં માછલાં પકડવાની અધિકૃત માટે ના પકડવાની, પાછી ખેંચી લેવાની અથવા માફફી માટેની જોગવાઈઓનો સમાવેશ કરી શકશે.

૮.૨.૮ ધ્વજ રાષ્ટ્રોએ માછલા પકડવાના વહાણોના માલિકો અને ચાર્ટરોને વીમાનું આરક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવા. માછલાં પકડવાના વહાણોના માલિકો અને ચાર્ટરોએ આવા વહાણોના નાવિકગણના રક્ષણ માટે અને તેમના હિતોના નુકસાન અથવા ખોટ સામે ત્રીજા પક્ષકારની હાનીરક્ષા માટે અને તેમનાં હિતોના રક્ષણ માટે પુરતું વીમા રક્ષણ લેવું જોઈએ.

૮.૨.૯ દરિયાઈ સફર કરનારાનું પ્રત્યાપન સંમેલન (સુધારેલ) ૧૯૮૭ (નં.૧૬૬) માં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાનમાં લેતાં ખાલાસીકરણના સભ્યો સ્વદેશ પાછા ફરવા હકદાર છે. એવી ધ્વજ રાષ્ટ્રોએ ખાતરી કરવી.

૮.૨.૧૦ માછલાં પકડવાનાં વહાણને અથવા વહાણ પરની વ્યક્તિઓને અકસ્માતના બનાવમાં, માછલાં પકડતું વહાણ, માછલા પકડવાના વહાણનું સંબંધિત ધ્વજ રાષ્ટ્ર અકસ્માત થયેલ વહાણ પરના કોઈ વિદેશી નાગરિક દેશને અકસ્માતની વિગતો પૂરી પાડશે. આવી માહિતી વ્યવ્હાર્ય હોત ત્યાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનને પણ જણાવવી.

## ૮.૩ બંદર રાષ્ટ્રની ફરજો

૮.૩.૧ બંદર રાષ્ટ્રોએ લાગુ પડતા આંતરરાષ્ટ્રીય કરારો અને વ્યવસ્થા સહિત આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર પોતાના રાષ્ટ્રીય કાયદામાં પ્રસ્થાપિત કાર્ય પદ્ધતિઓ દ્વારા આ સંહિતાના ઉદેશો હાંસલ કરવા અને અન્ય રાષ્ટ્રોને હાંસલ કરવામાં મદદરૂપ થવા જરૂરી એવા પગલાં લેશે અને આ માટે તેઓએ પ્રસ્થાપિત કરેલ વિનિમયો અને પગલાંની

વિગતોથી અન્ય રાષ્ટ્રોને માહિતગાર કરશે. આવા પગલાં લેતી વખતે બંદર રાષ્ટ્રે અન્ય કોઈ રાષ્ટ્રના વહાણ સામે સ્વરૂપ કે હકીકતમાં કોઈ ભેદભાવ રાખવો નહિ.

૮.૩.૨ બંદર રાષ્ટ્રો જયારે માછલા પકડવાનું વહાણ સ્વૈચ્છિક રીતે બંદર રાષ્ટ્રના બંદરમાં અથવા કાંઠાથી દૂર સીમા પર હોય અને વહાણનું ધ્વજ રાષ્ટ્ર, પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અથવા વૈશ્વિક સંરક્ષણ અને સંચાલન પગલાં અથવા પ્રદુષણ નિવારણ માટે અને માછલાં પકડવાના વહાણ પરના સલામતી, તંદુરસ્ત અને કામકાજની શરતો માટેના આંતરરાષ્ટ્રીય સંમત ન્યુનતમ ધોરણોનું પાલન નહી કરવાની બાબતમાં બંદર રાષ્ટ્રને વિનંતી કરે ત્યારે યોગ્ય એ રીતે બંદર રાષ્ટ્રના રાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ધ્વજ રાષ્ટ્રોને આવી સહાય પૂરી પાડશે.

## ૮.૪ માછલાં પકડવાની કામગીરી

૮.૪.૧ રાષ્ટ્રોએ જોવું જોઈએ કે માનવ જીવનની સલામતીને અને દરિયામાં સામસામી અથડામણ નિવારવા માટે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનના આંતરરાષ્ટ્રીય વિનિમયોને તેમજ દરિયાઈ ટ્રાફિકના સંગઠન, દરિયાઈ પર્યાવરણના રક્ષણ અને માછલા પકડવાની જાળોની તૂટફૂટ કે નુકસાન અટકાવવાને લગતી આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનની યોગ્ય રીતે ધ્યાનમાં રાખીને માછલાં પકડવાની કામગીરી કરવામાં આવે.

૮.૪.૨ રાષ્ટ્રોએ સુરંગ ફોડવી (DYNAMITING) ઝેર આપવું અને આવી બીજી તુલનાત્મક વિનાશક માછલા પકડવાની પધ્ધતિઓ પર પ્રતિબંધ મુકવો.

૮.૪.૩ માછલા પકડવાની કામગીરી, પકડેલ માછલાં અને માછલી સિવાયની જાતો રાખવા બાબતમાં અને કાઢી નાખેલ બાબતમાં પુરાવો રજુ કરે અને પ્રસ્તુત સંચાલન સંસ્થાઓ દ્વારા નક્કી કર્યા પ્રમાણે સ્ટોક આકારણી માટેની જરૂરી માહિતી એકઠી કરવામાં આવે અને આ સંસ્થાઓને પધ્ધતિસર મોકલવામાં આવે તે જોવા રાષ્ટ્રો દરેક પ્રયત્ન કરવા જોઈએ. રાષ્ટ્રો શક્ય તેટલે અંશે લાગુ પડતાં પગલાં અમલમાં મુકવા પ્રોત્સાહન આપવા નિરીક્ષક અને નિરીક્ષણ યોજનાઓ જેવા કાર્યક્રમો પ્રસ્થાપિત કરશે.

૮.૪.૪ રાખી મુકેલ પકડેલ માછલાંના શ્રેષ્ઠ ઉપયોગ અને સંભાળ માટે આર્થિક સ્થિતિ ધ્યાનમાં લઈને યોગ્ય ટેકનોલોજી અપનાવવા રાષ્ટ્રો પ્રોત્સાહન આપશે.

૮.૪.૫ રાષ્ટ્રોએ ઉદ્યોગના પ્રસ્તુત જૂથો સાથે પકડેલાં માછલા ત્યજી દેવામાં ઘટાડો થાય એવી ટેકનોલોજી અને કામગીરી વિષયક પધ્ધતિઓના વિકાસ અને અમલીકરણને પ્રોત્સાહન આપવું. પકડેલ માછલાં જે ને કારણે છોડી દેવા પડતાં હોય એવા મચ્છીમારીના જાળ અને પધ્ધતિઓના ઉપયોગને ઉતેજન આપવું નહિ અને છટકી ગયેલાં માછલાંના જીવિત દરમાં વધારો કરે એવા માછલા પકડવાની જાળ અને પધ્ધતિઓના ઉપયોગને પ્રોત્સાહન આપવું.

૮.૪.૬ માછલાં પકડવાના જાળને નુકશાન ઓછું થાય તથા ગુમ થયેલ ત્યજી દીધેલ માછલાં પકડવાના જાળથી મૃત માછલાં પકડવાની (GHOST FISHING) અસર ઓછી કરવા રાષ્ટ્રોએ, ટેકનોલોજી, સામગ્રી અને કાર્ય પ્રણાલીઓ વિકસાવવા અને લાગુ પાડવા સહકાર આપવો.

૮.૪.૭ વિસ્તારમાં માછલાં પકડવાના નવી જાળો પદ્ધતિઓ અને કામગીરી વાણીજિયક ધોરણે દાખલ કરતા પહેલાં વસવાટમાં ખલેલ પહોચવાની અસરોની આકારણી કરવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું.

૮.૪.૮ માછલાં પકડવાની જાળની પર્યાવરણલક્ષી અને સામાજિક અસરો અંગે ખાસ કરીને જૈવિક વિવિધતા અને દરિયાકાંઠાના માછીમાર સમુદાય પર આવા જાળની અસર અંગે સંશોધનને પ્રોત્સાહન આપવું.

## ૮.૫ માછલાં પકડવાના જાળની પસંદગી

૮.૫.૧ માછલાં પકડવાની જાળ, પદ્ધતિઓ અને પ્રથા, શક્ય તેટલે અંશે પુરતી રીતે પસંદગીની હોય જેથી બગાડ, ત્યજી દીધેલ, બિન લક્ષ્યાંકિત જાતની માછલી અને માછલી સિવાયની બંને જાતોના પકડેલ જથ્થો ઓછા થાય અને સંલગ્ન તથા આશ્રિત જાતો પર અસર ઓછી થાય અને પ્રસ્તુત વિનિયમોના ઈરાદો ટેકનીકલ પ્રયુક્તીઓથી નિષ્ફળ ન જાય એ રાષ્ટ્રો માટે જરૂરી છે. આ બાબતમાં માછીમારોએ પ્સ્નદગીના માછલાં પકડવાની જાળ અને પધ્ધતિઓના વિકાસમાં સહકાર આપવો. રાષ્ટ્રોએ ખાતરી કરવી જોઈએ કે નવા વિકાસ સને જરૂરિયાતો અંગેની માહિતી બધા માછીમારોને ઉપલબ્ધ કરાવવામાં આવે.

૮.૫.૨ પસંદગીની સુધારણા માટે રાષ્ટ્રોએ પોતાના કાયદા અને વિનિમયો ઘડતા હોય ત્યારે ઉદ્યોગને મળવાપાત્ર પસંદગીના માછલાં પકડવાની જાળ પદ્ધતિઓ અને વ્યુહની શ્રેણી ધ્યાનમાં રાખવી.

૮.૫.૩ રાષ્ટ્રો અને પ્રસ્તુત સંસ્થાઓએ માછલાં પકડવાની પસંદગી, માછલાં પકડવાની પદ્ધતિઓ અને વ્યૂહ અંગે સંશોધન માટે ધોરણસરના પધ્ધતિવિજ્ઞાન વિકસાવવામાં સહયોગ આપવો જોઈએ.

૮.૫.૪ માછલાં પકડવાના પસંદગીના જાળ અને માછલાં પકડવાની પદ્ધતિઓ અને વ્યૂહ માટેના સંશોધન કાર્યક્રમો, આવા સંશોધન કાર્યક્રમોના પરિણામોના પ્રસાર અને ટેકનોલોજીની તબદીલી બાબતમાં આંતરરાષ્ટ્રીય સહકારને ઉતેજન આપવું.

**૮.૬ ઉર્જાનો ઇષ્ટનમ ઉપયોગ**

૮.૬.૧ મત્સ્યોદ્યોગ સેક્ટરમાં માછલાં પકડવાની અને માછલાં પકડ્યા પછીની પ્રવૃતિઓમાં ઉર્જાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે એવા યોગ્ય ધોરણો અને માર્ગદર્શક સિધ્ધાંતોના વિકાસને રાષ્ટ્રોએ ઉતેજન આપવું.

૮.૬.૨ રાષ્ટ્રોએ મત્સ્યોદ્યોગ સેક્ટરમાં ઉર્જાના ઇષ્ટતમ ઉપયોગ સંબંધી ટેકનોલોજીના વિકાસ અને તબદીલીને પ્રોત્સાહન આપવું અને ખાસ કરીને પોતાના વહાણોમાં ઉર્જાના ઇષ્ટતમ ઉપયોગની ડિવાઈસ ફીટ કરવા માછલાં પકડવાના વહાણોના માલિકો, ચાર્ટરો અને મેનેજરોને ઉતેજન આપવું.

**૮.૭ જળચર પર્યાવરણનું રક્ષણ**

૮.૭.૧ તેને લગતા ૧૯૭૮ના પ્રોટોકોલ (મારપોલ ૭૩-૭૮) થઈ ફેરફાર કર્યા પ્રમાણે જહાજોનું પ્રદુષણ અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય સંમેલન, ૧૮૭૩ પર આધારિત કાયદા અને વિનિમયો રાષ્ટ્રોએ દાખલ કરીને અમલ કરવો જોઈએ.

૮.૭.૨ માછલાં પકડવાના વહાણોના માલિકો, ચાર્ટરો અને મેનેજરોએ ખાતરી કરવી જોઈએ કે તેમના વહાણોમાં મારપોલ ૭૩-૭૮ થી જરૂરી એવી યોગ્ય સાધન સામગ્રી જોડવામાં આવે અને વહાણોની રાબેતા મુજબની સર્વિસ દરમિયાન પેદા થતો કચરો અને અન્ય શીપ બોર્ડ બગાડની પ્રક્રિયા માટે વહાણોના પ્રસ્તુત વર્ગો સાથે શીપ બોર્ડ કોમ્પેક્ટર અથવા કચરો બાળવાની ભઠ્ઠી ફીટ કરવા વિચારવું જોઈએ.

## ૮.૮ માછલાં પકડવાની કામગીરી

૮.૮.૧ રાષ્ટ્રો, માછલાં પકડવાના વહાણોના માલિકો, ચાર્ટરો અને મેનેજરો તેમજ માછીમારોએ ક્લોરોફ્લોરો કાર્બન (CFCs), હીડ્રોક્લોરોફ્લોરો કાર્બન (HCFCs) અને હેલોનના નિકાલ માટે આંતરરાષ્ટ્રીય માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવું.

## ૮.૯ બારાં અને માછલાં પકડવાના વહાણો માટે ઉતરાણ-સ્થળ

૮.૯.૧ રાષ્ટ્રોએ બીજી બાબતોની સાથો સાથ, બારાં અને ઉતરાણ – સ્થળોની ડીઝાઇન અને બાંધકામમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

(ક) માછલાં પકડવાના વહાણો માટે સલામત આશ્રય સ્થાન (બારું) અને વહાણો, ફેરિયા અને ખરીદનારા માટે પુરતી સેવા સવલતોની જોગવાઈ કરવામાં આવે.

(ખ) પૂરતા મીઠા પાણીના પુરવઠાની અને સ્વચ્છતા વ્યવસ્થાની જોગવાઈ કરવી.

(ગ) તેલ, તેલવાળું પાણી અને મચ્છીમારીના જાળોના નિકાલ માટે બગાડ નિકાલ પધ્ધતિઓના દાખલ કરવી.

(ઘ) મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ અને બાહ્ય સાધનોમાંથી પ્રદુષણ ઓછું કરવું અને

(ચ) ધોવાણ અને કાંપ-જમાવટની અસરોના સંઘર્ષ માટે વ્યવસ્થા કરવી.

## ૮.૧૦ માળખા અને અન્ય સામગ્રીનો પરિત્યાગ

૮.૧૦.૧ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠને બહાર પાડેલ અનાવશ્યક કાંઠાથી દુરના માળખાં દૂર કરવા માટેના ધોરણો અને માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવામાં આવે અને રાષ્ટ્રોએ જોવું. સંબંધિત સતાધિકારો દ્વારા માળખાં અને નાય સામગ્રીના પરિત્યાગ અંગેના નિર્ણયો કરતા અગાઉ સક્ષમ મત્સ્યોદ્યોગ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવે તે પણ રાષ્ટ્રોએ જોવું.

## ૮.૧૧ કૃત્રિમ ખડકો અને મત્સ્ય જથ્થો એકઠો કરવાની પ્રયુક્તિઓ

૮.૧૧.૧ રાષ્ટ્રોએ જ્યાં યોગ્ય હોય ત્યાં દરિયામાં નૌકા પરીવહનની સલામતી પરત્વે યોગ્ય ધ્યાન આપની કૃત્રિમ માળખાના ઉપયોગ દ્વારા સ્ટોક વસ્તીમાં વધારો કરવાની અને માછીમારીના હકો વધારવા માટેની નીતિઓ વિકસાવવી જોઈએ. જીવંત દરિયાઈ સાધનો અને પર્યાવરણ પર અસરો સહિત માળખાના ઉપયોગ અંગે સંશોધનને ઉતેજન આપવું.

૮.૧૧.૨ કૃત્રિમ ખડકો ઉભા કરવામાં ઉપયોગમાં લેવાની સામગ્રીની પસંદગી કરતી વખતે અને આવા કૃત્રિમ ખડકોના ભૌગોલિક સ્થળ પસંદ કરતી વખતે રાષ્ટ્રોએ ખાતરી કરવી કે પર્યાવરણ અને નૌકા પરીવહનની સલામતી સંબંધી પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંમેલનની જોગવાઈઓનું પાલન કરવામાં આવે.

૮.૧૧.૩ રાષ્ટ્રોએ દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થા નકશાના માળખામાં રહીને કૃત્રિમ ખડકો અને માછલાનો જથ્થો એકઠો કરવાની પ્રયુક્તિઓ માટેની વ્યવસ્થા પદ્ધતિઓ પ્રસ્થાપિત કરવી. આવી વ્યવસ્થા પદ્ધતિઓમાં આવા ખડકોના બાંધકામ અને ગોઠવવા માટે મંજુરી જરૂરી છે. મહત્વના જીવનનિર્વાહ માછીમારો સહિત માછીમારોના હિતો ધ્યાનમાં રાખવા.

૮.૧૧.૪ નૌકા પરિવહનના હેતુ માટે નકશા બનાવવાની કામગીરી વિષયક દફતર અને નકશા રાખવા માટે જવાબદાર સતાધિકારીઓને તેમજ પ્રસ્તુત પર્યાવરણવિષયક સતાધીકારીઓને કૃત્રિમ ખડકો અથવા માછલાંનો જથ્થો એકઠો કરવાની પ્રયુક્તિ મુકતા અથવા ખસેડતા અગાઉથી જન કરવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું.

## કલમ-૯ જળચર પાલનનો વિકાસ

### ૯.૧ રાષ્ટ્રીય ક્ષેત્રાધિકાર હેઠળના ઉછેર આધારિત મત્સ્યોદ્યોગ સહિત જળચરના પાલનનો જવાબદારીપૂર્ણ વિકાસ

૯.૧.૧ રાષ્ટ્રોએ જવાબદારીપૂર્ણ જળચર પાલનનો વિકાસ સરળ બને એવું યોગ્ય કાનૂની અને વહીવટી માળખું પ્રસ્થાપિત કરવું, જાળવવું અને તેનો વિકાસ કરવો.

૯.૧.૨ રાષ્ટ્રોએ જનનવિધા વૈવિધ્યતા અને પરિસ્થિતિ વિષયક પદ્ધતિની સંપૂર્ણતા પર જળચર પાલનના વિકાસની અસરોનું અગાઉથી મૂલ્યાંકન સહિત શ્રેષ્ઠ ઉપલબ્ધ વૈજ્ઞાનિક માહિતી પર આધારિત જળચરપાલનના જવાબદાર વિકાસ અને વ્યવસ્થાને રાષ્ટ્રોએ ઉતેજન આપવું.

૯.૧.૩ રાષ્ટ્રોએ જળચરપાલન વિકાસ પરિસ્થિતિવિષયક દ્રષ્ટીએ ટકી શકે તેમ છે એ જોવા અને જળચર પાલન અને અન્ય પ્રવૃતિઓ દ્વારા હિસ્સેદારીમાં સાધનોના સુયોજિત ઉપયોગની છૂટ આપવા જરૂરિયાત મુજબ જળચર પાલન વિકાસના વ્યૂહ અને યોજનાઓ રજુ કરવા નિયમિત રીતે અધતન રાખવા.

૯.૧.૪ રાષ્ટ્રોએ ખાતરી કરવી જોઈએ કે સ્થાનિક સમુદાયના જીવનનિર્વાહ અને મત્સ્ય ક્ષેત્રોમાં તેમના પ્રવેશ પર જળચર પાલનના વિકાસથી નકારાત્મક અસર થવી જોઈએ નહી.

૯.૧.૫ પાણી ખેંચવું, જમીનનો ઉપયોગ, ગંદા પાણીનો નિકાલ, દવા અને રસાયણોનો ઉપયોગ અને અન્ય જળચરપાલનની પ્રવૃતિઓને પરિણામે પ્રતિકુળ પરિસ્થિતિ વિષયક ફેરફારે તથા પ્રસ્તુત આર્થિક અને સામાજિક અસરો ઓછા કરવાના ઉદેશથી યોગ્ય પર્યાવરણલક્ષી આકારણી અને દેખરેખ નિયમિત હાથ ધરવા ખાસ કરીને જળચર પાલન માટે રાષ્ટ્રોએ અસરકારક કાર્યપધ્ધતીઓ પ્રસ્થાપિત કરવી જોઈએ.

**૯.૨ ટ્રાન્સબાઉન્ડરી જળચર પરિસ્થતિ વિષયક પદ્ધતિમાં ઉછેર આધારિત મત્સ્યોદ્યોગ સહિત જળચર પાલનનો જવાબદારીપૂર્ણ વિકાસ**

૯.૨.૧ રાષ્ટ્રોએ પોતાના રાષ્ટ્રીય ક્ષેત્રાધિકારમાં જવાબદારીપૂર્ણ જળચરપાલન પ્રથાને સમર્થન આપની અને સ્થિર જળચર પાલન પ્રથાઓના વિકાસમાં સહકાર આપની સરહદ બહારની જળચર પરિસ્થતિ વિષયક પદ્ધતિનું રક્ષણ કરવું.

૯.૨.૨ રાષ્ટ્રોએ પોતાના પડોશી રાષ્ટ્રોનું ધ્યાન રાખીને અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર જાતોની જવાબદારીપૂર્ણ પસંદગી, સ્થાન નિર્ધારણ અને સરહદ બહારની જળચર પરિસ્થતિવિષયક પદ્ધતિને અસર કરી શકે એવી જળચર પાલન પ્રવૃતિઓની વ્યવસ્થાની ખાતરી કરવી.

૯.૨.૩ ટ્રાન્સબાઉન્ડરી જળચર પરિસ્થિતિવિષયક પદ્ધતિમાં બિન દેશી જાતો દાખલ કરતા અગાઉ રાષ્ટ્રોએ પોતાના પડોશી રાષ્ટ્રોએ સાથે ચર્ચા વિચારણા કરવી.

૯.૨.૪ રાષ્ટ્રોએ રાષ્ટ્રીય, પેટા પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે જળચર પાલનના વિકાસ માટે આયોજન અંગે સહકાર સરળ બનાવવા તેમની જળચર પાલન પ્રવૃતિઓને લગતી માહિતી એકઠી કરવી, ફાળવવા અને પ્રસારિત કરવા માહિતી આધાર (ડેટાબેઝ) અને માહિતી જાળ-ગુંથણી જેવી યોગ્ય તંત્ર વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી.

૯.૨.૫ રાષ્ટ્રોએ જરૂરી હોય ત્યારે જળચર પાલનમાં ઉપયોગમાં લીધેલ ઉત્પાદન સામગ્રીની અસરો પર દેખરેખ નિયમન રાખવા યોગ્ય તંત્ર – વ્યવસ્થાના સહકાર આપવો.

## ૯.૩ ઉછેર – આધારિત મત્સ્યોદ્યોગ સહિત જળચર પાલનના હેતુ માટે જળચર જનનવિધાના સાધનોનો ઉપયોગ

૯.૩.૧ રાષ્ટ્રોએ યોગ્ય વ્યવસ્થાતંત્ર દ્વારા જનનવિધાનું વૈવિધ્ય સાચવવું અને જળચર સમુદાયો તથા પરિસ્થિતિવિષયક પદ્ધતિની અખંડતા જાળવવી, જળ વિસ્તારોમાં ઉછેર-આધારિત મત્સ્યોદ્યોગ સહિત જળચર પાલન માટે ઉપયોગમાં લીધેલ બિન-સ્થાનિક જાતો અથવા પ્રજનનવિધાથી ફેરફાર કરેલ જથ્થો દાખલ કરવાની નુકસાનકારક અસરો ઓછી કરવા પ્રયાસો કરવા, એમાંયે ખાસ કરીને જ્યાં અન્ય રાષ્ટ્રોના ક્ષેત્રાધિકાર હેઠળના વિસ્તારમાં અથવા મૂળ રાજ્યના ક્ષેત્રાધિકાર હેઠળના જળવિસ્તારમાં આવી બિન-સ્થાનિક જાતો અથવા પ્રજનનવિધાથી ફેરફાર કરેલ સ્ટોકના ફેલાવા માટેની નોંધપાત્ર સંભાવના હોય ત્યાં, વાઈલ્ડ સ્ટોક પર છટકી ગયેલ ઉછરેલ (ફાર્મ્ડ) માછલીની પ્રતિકુળ પ્રજનન વિષયક, રોગ અને અન્ય અસરો ઓછી કરવાના પગલાને જયારે શક્ય હોય ત્યારે રાષ્ટ્રોએ પ્રોત્સાહન આપવું.

૯.૩.૨ જળચર જીવંત જાત (ORGANISM) દાખલ કરવા અને તબદીલ કરવા માટે પ્રથા અને કાર્યપદ્ધતિઓની આંતરરાષ્ટ્રીય સંહિતા કાળજીપૂર્વક તૈયાર કરવા, અપનાવવા અને અમલીકરણમાં રાષ્ટ્રોએ સહકાર આપવો.

૯.૩.૩ રાષ્ટ્રોએ, જંગલી અને ઉછરેલ જથ્થા પર રોગની તબદીલી અને અન્ય પ્રતિકુળ અસરો ઓછી કરવા બ્રુડસ્ટોકની પ્રજનનવિષયક સુધારણા, બિન-સ્થાનિક જાતો દાખલ કરવી અને ઈંડા, લાવા અથવા ફ્રાય, બ્રુડ સ્ટોક અને અન્ય સામગ્રીના ઉત્પાદન, વેચાણ અને પરિવહનમાં યોગ્ય પદ્ધતિઓ અપનાવવી જોઈએ. આ અંગે પ્રથા અને કાર્યપદ્ધતિઓની યોગ્ય રાષ્ટ્રીય સંહિતા તૈયાર કરીને અમલમાં મુકવા રાષ્ટ્રોએ સરળતા કરી આપવી જોઈએ.

૯.૩.૪ બ્રુડ સ્ટોકની પસંદગી અને ઈંડા, લાવા અને ફ્રાયના ઉત્પાદન માટે યોગ્ય કાર્યપધ્ધતિના ઉપયોગને રાષ્ટ્રોએ પ્રોત્સાહન આપવું.

૯.૩.૫ રાષ્ટ્રોએ યોગ્ય હોય ત્યાં સંશોધનને પ્રોત્સાહન આપવું અને શક્ય હોય ત્યારે ભયમાં મુકાયેલ જાતોનું પ્રજનન વૈવિધ્ય જાળવવાની જરૂરત ધ્યાનમાં રાખીને તેના જથ્થામાં રક્ષણ, પુનઃસ્થાપન અને વધારો કરવા માટે ભયમાં મુકાયેલી જાતો માટે ઉછેર પદ્ધતિઓ વિકસાવવી.

### ૯.૪ ઉત્પાદન કક્ષાએ જવાબદારીપૂર્ણ જળચરપાલન

૯.૪.૧ રાષ્ટ્રોએ ગ્રામીણ સમુદાય, ઉત્પાદન સંગઠનો અને મત્સ્યપાલકોના સમર્થનમાં જવાબદારીપૂર્ણ જળચરપાલન રીતો વિકસાવવી જોઈએ.

૯.૪.૨ રાષ્ટ્રોએ જવાબદારીપૂર્ણ જળચર પાલન સંચાલન પ્રથાના વિકાસમાં મત્સ્યપલકો અને તેમના સમુદાયોને સક્રિય ભાગ લેવા ઉતેજન આપવું.

૯.૪.૩ રાષ્ટ્રોએ યોગ્ય ખોરાક, ખોરાકની ટેવો અને ખાતર સહિત રસાયણ ખાતરની પસંદગી અને ઉપયોગની સુધારણા કરે એવા પ્રયાસોને ઉતેજન આપવું.

૯.૪.૪ રાષ્ટ્રોએ આરોગ્યપ્રદ પગલાં અને સરીની તરફેણ કરતી અસરકારક ઉછેર મથક અને મત્સ્ય આરોગ્ય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવું. રોગ નીવારકો,હોર્મોન અને દવા, એન્ટીબાયોટીક અને અન્ય રોગ નિયંત્રણ રસાયણોને સલામત રીતે, અસરકારક અને ઓછામાં ઓછા ઉપયોગ કરવામાં આવે એ જોવું.

૯.૪.૫ રાષ્ટ્રોએ માનવ આરોગ્ય અને પર્યાવરણને જોખમકારક હોય એવી રસાયણ સામગ્રીના જળચરપાલનમાં ઉપયોગ અંગે નિયમન રાખવું.

૯.૪.૬ રાષ્ટ્રોએ કચરો (OFFAL), ગાળ (SLUDGE), મૃત અને રોગીષ્ટ માછલાં, વધારાનાં પશુચિકિત્સા ઔષધો જેવા બગાડ અને અન્ય જોખમકારક રસાયણ સામગ્રીનો, માનવ આરોગ્ય અને પર્યાવરણને ભયરૂપ ન બને તેવી રીતે નિકાલ કરવો જરૂરી છે.

૯.૪.૭ રાષ્ટ્રોએ જળચર પાલન પેદાશોની આહાર સલામતીની ખાતરી કરવી જોઈએ અને માછલાં પકડતાં અને સ્થળ પર પ્રક્રિયા કરતા અગાઉ અને દરમિયાન તથા પેદાશોના સંગ્રહ અને પરિવહનમાં ચોક્કસ કાળજી દ્વારા પેદાશની ગુણવતા જાળવવા અને તેના મૂલ્યની સુધારણા માટેના પ્રયાસોને પ્રોત્સાહન આપવું.

## કલમ-૧૦ દરિયાકાંઠા વિસ્તારની વ્યવસ્થામાં મત્સ્યોદ્યોગનું એકીકરણ

### ૧૦.૧ સંસ્થાકીય માળખું

૧૦.૧.૧ રાષ્ટ્રોએ દરિયાકાંઠાની પરિસ્થિતિવિષયક પદ્ધતિમાં ખલેલ અને તેમના કુદરતી સાધનો અને દરિયાકાંઠાના સમુદાયોની જરૂરિયાતો નિશ્ચિત પ્રકાર ધ્યાનમાં રાખીને

સાધનોના સ્થિર અને એકીકૃત ઉપયોગ હાંસલ કરવા યોગ્ય નીતિ, કાનૂની અને સંસ્થાકીય માળખું અપનાવવામાં આવે એ જોવું જોઈએ.

૧૦.૧.૨ દરિયાકાંઠા વિસ્તારનો બહુવિધ ઉપયોગ જોતા મત્સ્યોદ્યોગ સેક્ટરના અને મચ્છીમારી સમુદાયના પ્રતિનિધિઓ સાથે નિર્ણય લેવાની પ્રક્રિયામાં ચર્ચા-વિચારણા કરવામાં આવે અને દરિયાકાંઠા વિસ્તારમાં વ્યવસ્થાના આયોજન અને વિકાસને લગતી અન્ય પ્રવૃતિઓ સામેલ કરવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું જોઈએ.

૧૦.૧.૩ દ્રીયાકાન્થાના સાધનોના શક્ય તેટલો ઉપયોગ નક્કી કરવા અને દરિયાકાંઠાના મચ્છીમારી સમુદાયોના અધિકારો અને સ્થિર વિકાસ સાથે સુસંગત એ રીતે તેમની રૂઢિગત પ્રથાઓ ધ્યાનમાં રાખીને તેમના પ્રવેશને લાગુ પડવા યોગ્ય હોય તેમ સંસ્થાકીય અને કાનૂની માળખું રાષ્ટ્રોએ વિકસાવવું જોઈએ.

૧૦.૧.૪ રાષ્ટ્રોએ મત્સ્યોદ્યોગના સાધનોના ઉપયોગ કરનારા અને તેમની તથા દરિયાકાંઠા વિસ્તારનાં અન્ય ઉપયોગ કરનારા વચ્ચે સંઘર્ષ નિવારે એવી મત્સ્યોદ્યોગની પ્રથા અપનાવવું સરળ બનાવવું જોઈએ.

૧૦.૧.૫ રાષ્ટ્રોએ મત્સ્યોદ્યોગ સેક્ટરમાં તથા મત્સ્યોદ્યોગ સાધનોના ઉપયોગ કરનારા અને દરિયાકાંઠા વિસ્તારનો અન્ય ઉપયોગ કરનારા વચ્ચે ઉભા થાય એવા સંઘર્ષોનું સમાધાન કરવા યોગ્ય વહીવટી કક્ષાએ કાર્યપદ્ધતિઓ અને તંત્ર વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા પ્રોત્સાહન આપવું જોઈએ.

## ૧૦.૨ નીતિ વિષયક પગલાં

૧૦.૨.૧ રાષ્ટ્રો દરિયાકાંઠાના સાધનોના રક્ષણ અને વ્યવસ્થા માટે તથા અસરગ્રસ્તો દ્વારા વ્યવસ્થા પ્રક્રિયામાં ભાગ લેવા માટેની જરૂરિયાત પ્રત્યે લોક જાગૃતિ પેદા કરવા ઉતેજન આપવું જોઈએ.

૧૦.૨.૨ દ્રીયાકાન્થાના સાધનોની ફાળવણી અને ઉપયોગ અંગે નિર્ણય કરવામાં સહાય કરવા રાષ્ટ્રોએ, આર્થિક, સામાજિક અને સંસ્કૃતિક પરિબળો ધ્યાનમાં લઈને જે તે મૂલ્યોની આકારણીને પ્રોત્સાહન આપવું.

૧૦.૨.૩ દરિયાકાંઠાના વિસ્તારોની વ્યવસ્થા માટેની નીતિઓ નક્કી કરવામાં રાષ્ટ્રોએ સમાવિષ્ટ જોખમો અને અચોક્કસતાઓ યોગ્ય રીતે ધ્યાનમાં રાખવી.

૧૦.૨.૪ રાષ્ટ્રોએ તેમની શક્તિ અનુસાર ભૌતિક, રસાયણિક, આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓનો ઉપયોગ કરાતી દરિયાકાંઠાની વ્યવસ્થા પ્રક્રિયાના ભાગરૂપે દરિયાકાંઠાના પર્યાવરણના દેખરેખ નિયમનની પદ્ધતિઓ પ્રસ્થાપિત કરવી અથવા પ્રસ્થાપિત કરવા પ્રોત્સાહન આપવું.

૧૦.૨.૫ રાષ્ટ્રોએ દરિયાકાંઠાની વ્યવસ્થા સમર્થનમાં ખાસ કરીને તેના પર્યાવરણ, જૈવિક, આર્થિક, સામાજિક, કચ્દીય અને સંસ્થાકીય પાસા અંગે બહુવિધ વિષયોના સંશોધનને પ્રોત્સાહન આપવું.

**૧૦.૩ પ્રાદેશિક સહકાર**

૧૦.૩.૧ દરિયાકાંઠાના સાધનોના સ્થિર ઉપયોગ અને પર્યાવરણનું સંરક્ષણ સરળ બનાવવા પાડોશી દરિયાકાંઠાના વિસ્તારોવાળા રાષ્ટ્રોએ એક બીજા સાથે સહકાર સાધવો.

૧૦.૩.૨ દરિયાકાંઠાના વિસ્તારો પર સરહદ બહારની પ્રતિકુળ પર્યાવરણની અસરો ધરાવતી હોય એવી પ્રવૃતિઓના કેસમાં, રાષ્ટ્રોએ :-

(ક) સમયસર માહિતી પૂરી પાડવી અને શક્ય હોય તો સંભવિત અસરગ્રસ્ત રાષ્ટ્રોને અગાઉથી અધિસુચના પૂરી પાડવી.

(ખ) તે રાષ્ટ્રો સાથે શક્ય તેટલી વહેલી તકે ચર્ચા વિચારણા કરવી.

૧૦.૩.૩ દરિયાકાંઠા વિસ્તારની વ્યવસ્થાની સુધારણા માટે રાષ્ટ્રોએ પેટા-પ્રાદેશિક કક્ષાએ સહકાર સાધવો.

**૧૦.૪ અમલીકરણ**

૧૦.૪.૧ રાષ્ટ્રોએ દરિયાકાંઠા વિસ્તારનાં આયોજન, વિકાસ, સંરક્ષણ અને વ્યવસ્થામાં સામેલ રાષ્ટ્રીય સત્તાતંત્રો વચ્ચે સહકાર અને સંકલન માટે તંત્ર-વ્યવસ્થાની સ્થાપન કરવી.

૧૦.૪.૨ રાષ્ટ્રોએ દરિયાકાંઠા વ્યવસ્થા પ્રક્રિયામાં મત્સ્યોદ્યોગ સેકટરનું પ્રતિનિધિત્વ કરતા સતાતંત્ર અથવા સતાતંત્રો પાસે યોગ્ય ટેકનિકલ સામર્થ્ય અને નાણાકીય સાધનો હોય એ જોવું જોઈએ.

## કલમ-૧૧ માછલાં પકડવા પછીના વ્યવહારો અને વેપાર

### ૧૧.૧ જવાબદારીપૂર્ણ મત્સ્ય ઉપયોગીતા

૧૧.૧.૧ સલામત, આરોગ્યપ્રદ અને ભેળસેળ વિનાની માછલી અને મત્સ્યોદ્યોગની પેદાશોના ગ્રાહકોના અધિકાર માટે રાષ્ટ્રોએ યોગ્ય પગલાં અપનાવવા.

૧૧.૧.૨ રાષ્ટ્રોએ ગ્રાહકોના આરોગ્ય રક્ષણ માટે અને વાણીજિયક છળકપટ અટકાવવા માટે રાષ્ટ્રીય સલામતી અને ગુણવતા ખાતરી અસરકારક પદ્ધતિઓ પ્રસ્થાપિત કરવી અને જાળવવી.

૧૧.૧.૩ રાષ્ટ્રોએ સલામતી અને ગુણવતાની ખાતરી માટે ન્યુનતમ ધોરણો નક્કી કરવા અને સમગ્ર ઉધોગમાં આ ધોરણો અસરકારક રીતે લાગુ પાડવામાં આવે તેની ખાતરી કરવી. અન્ન અને કૃષિ સંગઠન-વિશ્વ આરોગ્ય સંસ્થાના કોડેક્ષ એસિમેન્ટેરિયસ (પોષણ) પંચ અને અન્ય પ્રસ્તુત સંગઠનો અથવા વ્યવસ્થાતંત્રોના સંદર્ભમાં ગુણવતાના સંમત ધોરણોના અમલીકરણને તેઓએ ઉતેજન આપવું જોઈએ.

૧૧.૧.૪ રાષ્ટ્રોએ યોગ્ય રીતે સ્વચ્છતા પગલાં અને પ્રમાણમાં કાર્યક્રમોનો સુમેળ અથવા પરસ્પર માન્યતા અથવા બંને હાંસલ કરવા સહકાર આપવો જોઈએ. અને પરસ્પર માન્ય નિયંત્રણ અને પ્રમાણન એજન્સીઓની સ્થાપના માટેની શક્યતાઓ તપાસવી જોઈએ.

૧૧.૧.૫ મત્સ્યોદ્યોગ સાધનોના સ્થિર વિકાસ અને ઉપયોગ માટે રાષ્ટ્રીય નીતિઓ ઘડવામાં આવે ત્યારે રાષ્ટ્રોએ માછલાં પકડ્યાં પછી મત્સ્યોદ્યોગ સેક્ટરની આર્થિક અને સામાજિક કામગીરીનો યોગ્ય વિચાર કરવો.

૧૧.૧.૬ રાષ્ટ્રો અને સંબંધિત સંગઠનોએ મત્સ્ય ટેકનોલોજી અને ગુણવતાની ખાતરી અંગે સંશોધન પુરસ્કૃત કરવું અને એવી પરિયોજનાઓની આર્થિક, સામાજિક, અને પર્યાવરણ અને પોષણની અસરો ધ્યાનમાં રાખીને માછલાની માછલાં પકડ્યા પછીની હેરફેર સુધારવાની પરિયોજનાઓને સમર્થન આપવું.

૧૧.૧.૭ રાષ્ટ્રોએ ઉત્પાદનની વિવિધ પધ્ધતિઓના અસ્તિત્વની નોંધ લઈને સહકાર દ્વારા અને યોગ્ય ટેકનોલોજીના વિકાસ અને તબદીલી સરળ બનાવીને પ્રક્રિયા, પરિવહન અને સંગ્રહ પદ્ધતિઓ પર્યાવરણની દ્રષ્ટીએ સંગીન હોય એની ખાતરી કરવી.

૧૧.૧.૮ રાષ્ટ્રોએ મત્સ્ય પ્રક્રિયા, વિતરણ અને ખરીદ-વેચાણમાં સંક્લાયેલાઓને નીચેની બાબતો અંગે પ્રોત્સાહન આપવું.

(ક) માછલાં પકડ્યા પછીનું નુકશાન અને બગાડ ઓછા કરવા.

(ખ) આ જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગની વ્યવસ્થાની પ્રથા સાથે સુસંગત હોય તેટલે અંશે બાય-કેચના ઉપયોગની સુધારણા કરવા.

(ગ) સાધનો વિશેષ કરીને પાણી અને ઉર્જા, ખાસ કરીને લાકડાનો પર્યાવરણની દ્રષ્ટીએ સંગીન રીતે ઉપયોગ કરવા.

૧૧.૧.૯ રાષ્ટ્રોએ માનવ વપરાશ માટે મત્સ્ય ઉપયોગને પ્રોત્સાહન આપવું અને જયારે યોગ્ય લાગે ત્યારે મત્સ્ય વપરાશને પ્રોત્સાહન આપવું.

૧૧.૧.૧૦ વિકસતા દેશો દ્વારા મુલ્ય-વર્ધિત પેદાશોના ઉત્પાદનની સરળતા કરી આપવા રાષ્ટ્રોએ સહકાર આપવો.

૧૧.૧.૧૧ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના આંતરરાષ્ટ્રીય અને દેશના વેપાર, વેપાર કરવામાં આવેલ મત્સ્ય અને મત્સ્ય પેદાશોની ઉત્પતિમાં સુધારણા દ્વારા સંગીન સંરક્ષણ અને વ્યવસ્થા પ્રથાઓ સાથે સુસંગત હોય એને રાષ્ટ્રોએ જોવું જોઈએ.

૧૧.૧.૧૨ કોઈ બજાર વિકૃતિ ઉભી કર્યા સિવાય સંબંધિત કાયદા, વિનિમયો, અને નીતિઓના વિકાસમાં માછલાં પકડ્યા પછીની પ્રવૃતિઓની પર્યાવરણલક્ષી અસરો વિચારવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું.

## ૧૧.૨ વિશ્વાસપાત્ર આંતરરાષ્ટ્રીય વેપાર

૧૧.૨.૧ વિશ્વ વ્યાપાર સંગઠનના કરારમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો, અધિકારો અને જવાબદારીઓ અનુસાર આ સંહિતાની જોગવાઈઓનું અર્થઘટન કરવું જોઈએ અને લાગુ પાડવું જોઈએ.

૧૧.૨.૨ મત્સ્ય અને મત્સ્યોદ્યોગની પેદાશોના વેપારમાં મત્સ્યોદ્યોગના સ્થિર વિકાસ અને જીવંત જળચર સાધનોના જવાબદારીપૂર્ણ ઉપયોગ સાથે સમાધાન કરવું નહિ.

૧૧.૨.૩ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારને અસરકારકતા પગલાં પારદર્શક, લાગુ પાડવા પાત્ર હોય ત્યારે વૈજ્ઞાનિક સાબિતી પર આધારિત હોય અને આંતરરાષ્ટ્રીય સંમત નિયમો અનુસાર હોય એ રાષ્ટ્રોએ જોવું જોઈએ.

૧૧.૨.૪ માનવ અથવા પશુ જીવન અથવા આરોગ્ય, ગ્રાહકોનું હિત અથવા પર્યાવરણની રક્ષા માટે રાષ્ટ્રોએ અપનાવેલા મત્સ્ય વેપારના પગલાં પક્ષપાતી ન હોવા જોઈએ. અને તે આંતરરાષ્ટ્રીય સંમત વેપાર નિયમો ખાસ કરીને સ્વચ્છતા અને છોડ સ્વચ્છતા (ફિટોસેનીટરી) પગલાં લાગુ પાડવા અંગેના કરારમાં અને વિશ્વ વ્યાપાર સંગઠનના વ્યાપારના ટેકનિકલ અંતરાયો અંગેના કરારમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો, હક્કો અને જવાબદારીઓ અનુસાર હોવા જોઈએ.

૧૧.૨.૫ રાષ્ટ્રોએ મત્સ્ય અને મત્સ્યોદ્યોગનો વેપાર વધુ ઉદાર બનાવવો જોઈએ અને વિશ્વ વ્યાપાર સંગઠનના કરારના સિદ્ધાંત, હક્કો અને જવાબદારીઓ અનુસાર જકાત, ક્વોટા અને નોન-ટેરીફ અંતરાયો જેવા વ્યાપારના અંતરાયો અને અવરોધો દૂર કરવા જોઈએ.

૧૧.૨.૬ રાષ્ટ્રોએ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે પુરવઠાકારની પસંદગીની ગ્રાહકની સ્વતંત્રતા મર્યાદિત કરે એવા અથવા બજારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકે એવા વેપારના અનાવશ્યક કે છૂપા અંતરાયો ઉભા કરવા નહી.

૧૧.૨.૭ રાષ્ટ્રોએ બજારમાં પ્રવેશવા પર અથવા પ્રપ્તીસ્થાનોમાં પ્રવેશ પર શરત મુકવી નહી. આ સિધ્ધાંત, પ્રપ્તીસ્થાનોના પ્રવેશ, વેપાર, બજારમાં પ્રવેશ. ટેકનોલોજી તબદીલી, વૈજ્ઞાનિક સંશોધન, તાલીમ અને અન્ય પ્રસ્તુત તત્વોનો ઉલ્લેખ કરતી જોગવાઈઓનો સમાવેશ કરતા રાષ્ટ્રો વચ્ચે માછલાં પકડવાના કરારોની સંભાવનાને પ્રતિબાધિત કરતો નથી.

૧૧.૨.૮ રાષ્ટ્રોએ બજારના પ્રદેશને ખાસ ટેકનોલોજી ખરીદ અથવા અન્ય પેદાશોના વેચાણ સાથે સાંકળવો જોઈએ નહિ.

૧૧.૨.૯ રાષ્ટ્રોએ જોખમમાં હોય એવી જાતોના વેપારને વિનિયમિત કરતા પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય કરારોનું પાલન કરવા સહકાર આપવો.

૧૧.૨.૧૦ રાષ્ટ્રોએ આયાત કરતા અથવા નિકાસ કરતા દેશોમાં પર્યાવરણને હનીનું જોખમ હોય ત્યાં જીવત નમુનાના વેપાર માટે આંતરરાષ્ટ્રીય કરારો વિકસાવવા.

૧૧.૨.૧૧ મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોના વેપાર માટેના પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય ધોરણોને વળગી રહેવા અને અસરકારક અમલ કરવા પ્રોત્સાહન આપવા રાષ્ટ્રોએ સહકાર આપવો.

૧૧.૨.૧૨ રાષ્ટ્રોએ વેપારના કાયદા કે મૂડીરોકાણના લાભ મેળવવા માટે જીવંત જળચર સાધનો માટેના સંરક્ષણ પગલાં નબળા પાડવા નહિ.

૧૧.૨.૧૩ રાષ્ટ્રોએ વિશ્વ વ્યાપાર સંગઠનના કરારમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અધિકારો અને જવાબદારીઓ અનુસાર મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોની વેપાર માટે આંતરરાષ્ટ્રીય રીતે સ્વીકાર્ય નિયમો અથવા ધોરણો વિકસાવવા સહકાર આપવો.

૧૧.૨.૧૪ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના ન્યાયી અને બિનપક્ષપાતી વેપારની ખાતરી કરવા તેમજ આંતરરાષ્ટ્રીય સંમત મત્સ્ય સંરક્ષણના પગલાને વિસ્તૃત રીતે વળગી રહેવા, વિશ્વ વ્યાપાર સંગઠન જેવા પ્રસ્તુત પ્રાદેશિક અને બહુપક્ષીય કરાર અંગે રાષ્ટ્રોએ એકબીજાને સહકાર આપવો અને સક્રિય રીતે ભાગ લેવો.

૧૧.૨.૧૫ રાષ્ટ્રો, સહાયક એજન્સીઓ, બહુ પાશ્વીય વિકાસ બેંકો અને અન્ય સંબંધિત આંતરરાષ્ટ્રીય સંગઠનોએ, આંતરરાષ્ટ્રીય મ્ત્સ્યવેપાર અને નિકાસ ઉત્પાદનને પ્રોત્સાહન સંબંધી તેમની નીતિઓ અને પ્રથાને પરિણામે પર્યાવરણની કક્ષા નીચી ન ઉતરે અથવા જેમના માટે માછલી તેમના આરોગ્ય અને સુખાકારી માટે મુખ્ય છે અને જેમના માટે આહારના અન્ય તુલનાત્મક સાધનો સહેલાઈથી ઉપલબ્ધ નથી અથવા પોષાય તેમ નથી એવા લોકોના પોષણ અધિકારો અને જરૂરતો પર પ્રતિકુળ અસર ન થાય એ જોવું જોઈએ.

**૧૧.૩ મત્સ્ય વેપારને લગતા કાયદા અને વિનિયમો**

૧૧.૩.૧ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના આંતરરાષ્ટ્રીય વ્યાપારને લાગુ પડતા કાયદા, વિનિયમો અને વહીવટી કાર્યપદ્ધતિઓ પારદર્શક શક્ય તેટલા સરળ સમજી શકાય તેવા અને યોગ્ય લાગે ત્યારે વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત હોવા જોઈએ.

૧૧.૩.૨ રાષ્ટ્રોએ પોતાના રાષ્ટ્રીય કાયદાઓ અનુસાર મત્સ્ય અને મત્સ્ય પેદાશોના વેપારને લગતા કાયદા વિનીયમોના વિકાસ અને અમલીકરણમાં ઉધોગ તેમજ પર્યાવરણલક્ષી અને ગ્રાહક જૂથો સાથે યોગ્ય ચર્ચા-વિચારણા અને તેમનો સહયોગ સરળ બનાવવો જોઈએ.

૧૧.૩.૩ રાષ્ટ્રોએ મત્સ્ય અને મત્સ્ય પેદાશોના વેપારને લાગુ પડતા તેમના કાયદા, વિનિયમો અને વહીવટી કાર્યપદ્ધતિઓ તેની અસરને જોખમમાં મુક્યા વિના સરળ બનાવવા જોઈએ.

૧૧.૩.૪ જયારે એક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રો સાથેના મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોને અસર કરતી તેની કાનૂની જરૂરીયાતોમાં ફેરફાર દાખલ કરે ત્યારે અસરગ્રસ્ત રાષ્ટ્રો અને ઉત્પાદકોને તેમની પ્રક્રિયા અને કાર્ય પદ્ધતિઓમાં યોગ્ય લાગે તેવા જરૂરી ફેરફાર કરવા પુરતી માહિતી અને સમય આપવો. આ બાબતમાં ફેરફારોના અમલીકરણ માટે સમય માળખા અંગે અસરગ્રસ્ત રાષ્ટ્રો સાથે ચર્ચા-વિચારણા કરવાનું ઇચ્છનીય રહેશે. જવાબદારીમાં કામ ચલાઉ ઘટાડા માટેની વિકસતા દેશોની વિનંતી પ્રત્યે યોગ્ય ધ્યાન આપવું જોઈએ.

૧૧.૩.૫ જે પરિસ્થિતિને લીધે તે દાખલ પડેલા તે પરિસ્થિતિ ચાલુ છે કે કેમ તે નક્કી કરવા રાષ્ટ્રોએ મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારને લાગુ પડતા કાયદા અને વિનીયમોની સમયાંતરે સમીક્ષા કરવી.

૧૧.૩.૬ રાષ્ટ્રોએ પ્રસ્તુત રાષ્ટ્રીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારને લાગુ પડતા ધોરણોનો શક્ય તેટલે અંશે સુમેળ સાધવો.

૧૧.૩.૭ રાષ્ટ્રોએ પ્રસ્તુત રાષ્ટ્રીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા મત્સ્ય અને મત્સ્યોદ્યોગ પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપાર અંગે ચોક્કસ અને મુદ્દાસર માહિતી એકઠી કરવી, પ્રચાર કરવો અને તેનો સમયસર વિનિમય કરવો.

૧૧.૩.૮ રાષ્ટ્રોએ, મત્સ્ય અને મત્સ્ય પેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારને લાગુ પડતા કાયદા, વિનિયમો અને વહીવટી કાર્યપદ્ધતિઓમાં પ્રગતી અને ફેરફાર અંગે હિત ધરાવતા

રાષ્ટ્રો, વિશ્વ વ્યાપાર સંગઠન અને અન્ય યોગ્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોને ત્વરિત જન કરવી.

### કલમ-૧૨ મત્સ્ય સંશોધન

૧૨.૧ રાષ્ટ્રોએ સ્વીકારવું જોઈએ કે જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગમાં નિર્ણયો કરવામાં મત્સ્યોદ્યોગ મેનેજરો અને અન્ય હિત ધરાવતી પાર્ટીઓને સહાય કરવા સંગીન વૈજ્ઞાનિક આધારની ઉપલબ્ધતા જરૂરી છે. તેથી જીવ વિજ્ઞાન, પરિસ્થિતિ વિજ્ઞાન, ટેકનોલોજી, પર્યાવરણ વિજ્ઞાન, અર્થતંત્ર, સમાજ વિજ્ઞાન, જળચરપાલન અને પોષણ વિજ્ઞાનના બધા પાસમાં યોગ્ય સંશોધન હાથ ધરવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું. વિકસતા દેશોની ખાસ જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધરવા સંશોધન સવલતો ઉપલબ્ધ કરી આપવામાં આવે અને યોગ્ય તાલીમ, સ્ટાફ અને સંસ્થાનું મકાન પૂરું પાડવામાં આવે તે રાષ્ટ્રોએ જોવું.

૧૨.૨ રાષ્ટ્રોએ જરૂરી છે એવું પ્રાયોજિત સંશોધન નક્કી કરવા અને તેના યોગ્ય ઉપયોગ માટે યોગ્ય સંસ્થાકીય માળખું પ્રસ્થાપિત કરવું જોઈએ.

૧૨.૩ રાષ્ટ્રોએ સંશોધન દ્વારા નિર્મિત માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવે અને આવા પૃથ્થકરણ પરિણામો, મત્સ્યોદ્યોગ સંરક્ષણ, સંચાલન અને વિકાસમાં ફાળા તરીકે શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પુરાવા તરીકે ઉપલબ્ધ કરી આપવા માટે સમયસર અને સહેલાઈથી સમજાય એ રીતે પ્રકાશિત કરવામાં આવે અને જ્યાં યોગ્ય હોય ત્યાં ગુપ્તતા જાળવીને વિતરણ કરવામાં આવે એ જોવું જોઈએ. પુરતી વૈજ્ઞાનિક માહિતીની ગેર હાજરીમાં યોગ્ય સંશોધન શક્ય તેટલું વહેલું શરૂ કરવું જોઈએ.

૧૨.૪ બાયકેચ કાઢી નાખેલ (DISCARDS) અને બગાડ અંગેની માહિતી સહિત મત્સ્યોદ્યોગ અને પરિસ્થિતિ વિષયક પધ્ધતીના દરજ્જાની આકારણી માટે જરૂરી એવી વિશ્વસનીય અને ચોક્કસ માહિતી રાષ્ટ્રોએ એકઠી કરવી જોઈએ. યોગ્ય હોય ત્યાં આ માહિતી સંબંધિત રાષ્ટ્રો અને પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક મત્સ્યોદ્યોગ સંગઠનોને યોગ્ય સમયે અને સ્તરે પૂરી પાડવી જોઈએ.

૧૨.૫ રાષ્ટ્રો, મચ્છીમારીના દબાણ, પ્રદુષણ અથવા વસવાટમાં ફેરફારને પરિણામે થતા પરિસ્થિતિવિષયક ફેરફારોની અસર સહિત તેમના ક્ષેત્રાધિકાર હેઠળના સ્ટોકની સ્થિતિનું

દેખરેખ નિયમન રાખવા અને આકારણી કરવા સમર્થ હોવા જોઈએ. તેઓએ હવામાન અને પર્યાવરણના ફેરફારોની મત્સ્ય સ્ટોક અને જળચર પરિસ્થિતિ વિષ્યાંક પધ્ધતિ પર અસરોની આકારણી કરવા જરૂરી સંશોધન ક્ષમતા પણ પ્રસ્થાપિત કરવી જોઈએ.

૧૨.૬ રાષ્ટ્રોએ સ્વીકૃત વૈજ્ઞાનિક ધોરણોને પહોંચી વળવા રાષ્ટ્રીય સંશોધન ક્ષમતાને સમર્થન આપીને સંગીન બનાવવી જોઈએ.

૧૨.૭ રાષ્ટ્રોએ યોગ્ય રીતે પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંગઠનોના સહકારથી મત્સ્યોદ્યોગ સાધનોના અધિકતમ વપરાશની ખાતરી કરવા અને આહાર તરીકે માછલીને લગતી રાષ્ટ્રીય નીતિઓને સમર્થન આપવા જરૂરી સંશોધન આગળ ધપાવવા સંશોધનને ઉતેજન આપવું જોઈએ.

૧૨.૮ રાષ્ટ્રોએ જળચર સાધનોમાંથી માનવ આહારના પુરવઠા અંગે અને જેમાંથી તે લેવામાં આવે છે તે પર્યાવરણ અંગે સંશોધન હાથ ધરવું જોઈએ અને દેખરેખ રાખવી જોઈએ તથા ગ્રાહકો પર તેની કોઈ પ્રતિકુળ અસર નથી તેથી ખાતરી કરવી જોઈએ. આવા સંશોધનના પરિણામો જાહેરમાં ઉપલબ્ધ કરવા જોઈએ.

૧૨.૯ રાષ્ટ્રોએ મત્સ્યોદ્યોગના આર્થિક, સામાજિક, ખરીદ-વેચાણ, અને સંસ્થાકીય પાસાં અંગે પૂરતા પ્રમાણમાં સંશોધન કરવામાં આવે અને ચાલુ દેખરેખ નિયમન, પૃથ્થકરણ અને નીતિ ઘડતર માટે તુલનાત્મક માહિતીનું નિર્માણ કરવામાં આવે તે જોવું જોઈએ.

૧૨.૧૦ રાષ્ટ્રોએ સંચાલન નિર્ણયો માટેની સહાય તરીકે અને બિન ઉપયોગી જાતો પકડવાનું ઓછું કરવાની અને પરિસ્થિતિવિષયક પદ્ધતિની જળચર વસવાટ જૈવિક વૈવિધ્યની સુરક્ષાની દ્રષ્ટીએ માછલાં પકડવાના જાળની પર્યાવરણલક્ષી અસર અને આવા માછલાં પકડવાની જાળ સંબંધમાં લક્ષ્યાંકિત અને બિન લક્ષ્યાંકિત જાતોના વર્તન પર અભ્યાસો હાથ ધરવા જોઈએ.

૧૨.૧૧ નવા પ્રકારના જાળ વાણીજિયક રીતે દાખલ કરતા પહેલાં જ્યાં તેમનો ઉપયોગ કરવાનો છે. ત્યાં મત્સ્યોદ્યોગ પર અને પરિસ્થિતિવિષયક પધ્ધતિ પર તેની અસરનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવામાં આવે એ રાષ્ટ્રોએ જોવું જોઈએ. આવી જાળ દાખલ કરવાની અસર પર દેખરેખ રાખવી જોઈએ.

૧૨.૧૨ રાષ્ટ્રોએ, સ્થિર મત્સ્યોદ્યોગ સંરક્ષણ, સંચાલન અને વિકાસને તે લાગુ પડવાનું મૂલ્યાંકન કરવા, ખાસ કરીને નાના પાયાના મત્સ્યોદ્યોગ ને લાગુ પાડવામાં આવેલ પરંપરાગત મત્સ્યોદ્યોગ જાણકારી અને ટેકનોલોજીની તપાસ કરીને દસ્તાવેજ તૈયાર કરવો જોઈએ.

૧૨.૧૩ રાષ્ટ્રોએ સંચાલન ઉદેશો નિશ્ચિત કરવા સંદર્ભ મુદ્રા અને કામગીરીના માપદંડ માટે તેમજ પ્રયોજિત સંશોધન અને મત્સ્યોદ્યોગ સંચાલન વચ્ચે પૂરતા જોડાણની ખાતરી માટે સંશોધન પરિણામોનો આધાર તરીકે ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવું જોઈએ.

૧૨.૧૪ અન્ય રાષ્ટ્રના ક્ષેત્રાધિકાર હેઠળના જળ વિસ્તારમાં વૈજ્ઞાનિક સંશોધન પ્રવૃતિઓ હાથ ધરતા રાષ્ટ્રોએ તેમના વહાણો તે રાષ્ટ્રના કાયદા અને વિનિમયોનું તથા આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરે તે જોવું જોઈએ.

૧૨.૧૫ મધદરિયામાં હાથ ધરવામાં આવતા મત્સ્યોદ્યોગ સંશોધનને લાગુ પડતી એકસરખી માર્ગદર્શક સૂચનાઓ અપનાવવા રાષ્ટ્રોએ પ્રોત્સાહન આપવું જોઈએ.

૧૨.૧૬ રાષ્ટ્રોએ જ્યાં યોગ્ય લાગે ત્યાં બીજી બાબતોની સાથો સાથ પેટા પ્રાદેશિક અને પ્રાદેશિક કક્ષાએ સંશોધનની સરળતા કરી આપવા એક સમાન માર્ગદર્શક સૂચનાઓ અપનાવવા સહિત તંત્ર વ્યવસ્થા સ્થાપનાને સમર્થન અપનાવવું જોઈએ. અને અન્ય પ્રદેશો સાથે આવા સંશોધનના પરિણામોની વહેચણીને ઉતેજન આપવું જોઈએ.

૧૨.૧૭ રાષ્ટ્રોએ પ્રત્યક્ષ રીતે અથવા પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંગઠનોના સમર્થનની જૈવિક, પર્યાવરણ અને ટ્રાન્સબાઉન્ડરી જળચર સ્ટોકના દરજ્જાની સમજણ સુધારવા સહયોગી ટેકનિકલ અને સંશોધન કાર્યક્રમો વિકસાવવા જોઈએ.

૧૨.૧૮ રાષ્ટ્રો અને પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય સંગઠનોએ બીજી બાબતોની સાથો સાથ વિકસતા દેશો જીવંત જળચર સાધનોના સંરક્ષણ, સંચાલન અને સ્થિર ઉપયોગમાં અસરકારક રીતે ભાગ લઇ શકે એ માટે વિગતો એકઠી કરવી અને પૃથ્થકરણના ક્ષેત્રે તેમજ માહિતી, વિજ્ઞાન અને ટેકનોલોજી, માનવસંપતીનો વિકાસ અને સંશોધન સવલતોની જોગવાઈના ક્ષેત્રોમાં વિકસતા દેશોની સંશોધન ક્ષમતા વિકસાવવી અને વધારવી જોઈએ.

૧૨.૧૯ સક્ષમ આંતરરાષ્ટ્રીય સંગઠનોએ જ્યાં યોગ્ય હોય ત્યાં વિનંતી પર અને અગાઉ માછલાં પકડવામાં આવતા ન હતા અથવા ઘણા ઓછા પ્રમાણમાં પકડવામાં આવતા હતા એવા સ્ટોકનું મુલ્યાંકન કરવાના હેતુથી સંશોધન તપાસમાં રોકાયેલ હોય ત્યારે રાષ્ટ્રોને ટેકનિકલ અને નાણાકીય સહાય આપવી જોઈએ.

૧૨.૨૦ પ્રસ્તુત ટેકનિકલ અને નાણાકીય આંતરરાષ્ટ્રીય સંગઠનોએ વિનંતી પર વિકસતા દેશો ખાસ કરીને તેમાંના ઓછા વિકસિત દેશો અને નાના ટાપુના વિકસતા દેશો પ્રત્યે ખાસ ધ્યાન આપવા તેમના સંશોધન પ્રયાસોમાં રાષ્ટ્રોને સહાય કરવી જોઈએ.

## સંહિતાના ઉદભવ અને વિસ્તરણની પ્રાશ્વવભૂમિકા

૧. આ જોડાણમાં સંહિતાના વિસ્તરણ અને વાટાઘાટોની પ્રક્રિયા જે અન્ન અને કૃષિ સંગઠન પરિષદના અઠ્ઠાવીસમાં સત્રમાં અપનાવવા માટેની રજૂઆત સુધી લઇ જાય છે. તેની છણાવટ કરવામાં આવી છે. સંહિતાના ઉદભવ અને વિકાસના સંદર્ભ તરીકે આ વિભાગ જોડવાનું જરૂરી જણાય છે. અને આમ તેના વિસ્તરણમાં સામેલ બધા પક્ષકારોમાં જાગેલ રસ અને સમાધાનની ભાવના પર પ્રકાશ પાડે છે. એવી આશા છે કે આ તેના અમલીકરણ માટે જરૂરી વચનબદ્ધતા વિકસાવવામાં ફાળો આપશે.

૨. વિવિધ આંતરરાષ્ટ્રીય ફોસ ખાતે અગત્યનાં મત્સ્ય જથ્થાના વધુ પડતા લાભપ્રદ ઉપયોગ પરિસ્થિતિવિષયક પદ્ધતિને હાની, આર્થિક નુકસાન અને મત્સ્ય વેપારને અસરકર્તા મુદ્દાઓના સ્પષ્ટ ચિહનો બાબતમાં લાંબા સમયથી ચિંતા વ્યક્ત કરવામાં આવતી હતી. આમાંના બધા મત્સ્યોદ્યોગની માર્ચ-૧૯૯૧ માં યોજાયેલ મત્સ્યોદ્યોગ અંગેની અન્ન અને કૃષિ સંગઠન ની સમિતિના ઓગણીસમાં સત્રમાં વિશ્વ મત્સ્યોદ્યોગની ચાલુ પરિસ્થતિ અને ભાવિ શક્યતાની ચર્ચા કરતી વખતે ભલામણ કરવામાં આવી છે કે અન્ન અને કૃષિ સંગઠને જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગની વિભાવનાનો વિકાસ કરવો અને આ હાંસલ કરવા આચારસંહિતાનું વિસ્તરણ કરવું.

૩. ત્યારબાદ મેક્સિકો સરકારે અન્ન અને કૃષિ સંગઠનના સહયોગમાં મે, ૧૯૯૨ માં કેનકેન માં જવાબદારીપૂર્ણ મચ્છીમારી અંગે આંતરરાષ્ટ્રીય પરિષદ યોજેલી. કેનકેનની જાહેરાતમાં આ વિભાગમાં પર્યાવરણના સુમેળમાં મત્સ્યોદ્યોગ સાધનોનો સ્થિર ઉપયોગ પકડેલાં માછલાનો ઉપયોગ અને પકડેલાં માછલાનો ઉપયોગ અને પરિસ્થિતિ વિષયક પધ્ધતિ, સાધનો અથવા તેની ગુણવતાને હાનીકારક ન હોય એવી જળપાલન પદ્ધતિઓ, જરૂરી સ્વચ્છતાના ધોરણોને પહોંચી વળવા રૂપાંતર પ્રક્રિયા દ્વારા આવી પેદાશોમાં વર્ધિત મુલ્ય ભેળવવું ગ્રાહકોને સારી ગુણવતાવાળી પેદાશો પૂરી પાડવા વાણીજિયક પ્રથાના આચરણનો સમાવેશ થાય છે.એમ જણાવીને તે પરીષદમાં જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગની વિભાગના વધુ વિકસાવવાને માન્ય રાખવામાં આવેલ.

૪. કેનકેન જાહેરાત જૂન-૧૯૯૨માં UNCED રિયોની શિખર પરિષદના ધ્યાન પર લાવવામાં આવી હતી. જેને જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટે આચારસંહિતા તૈયાર કરવા માટે સમર્થન આપ્યું હતું. સપ્ટેમ્બર ૧૯૯૨ માં ભરાયેલા મધ દરિયામાં મચ્છીમારી અંગેની

અન્ન અને કૃષિ સંગઠનની ટેકનિકલ પરામશ સમિતિએ મધ દરિયે મત્સ્યોદ્યોગને લગતા મુદ્દા સમજાવવા સંહિતાના વિસ્તરણની વધુ ભલામણ કરી હતી.

૫. નવેમ્બર – ૧૯૯૨ માં ભરાયેલા અન્ન અને કૃષિ સંગઠન પરિષદના એકસો બે માં સત્રમાં સંહિતાના વિસ્તારની ચર્ચા કરવામાં આવેલી અને ભલામણ કરેલી કે મધ દરિયાના મુદ્દાઓને અગ્રતા આપવી અને જણાવેલ કે મત્સ્યોદ્યોગ અંગેની સમિતિના ૧૯૯૩ ના સત્રમાં માટેની દરખાસ્તો રજુ કરવી.

૬. માર્ચ – ૧૯૯૩ માં ભરાયેલ મત્સ્યોદ્યોગ અંગેની સમિતિ (COFI) ના ૨૦મ સત્રમાં માર્ગદર્શક સૂચનાઓના વિસ્તરણ સહિત આવી સંહિતાના સામાન્ય સિધ્ધાંતો ચકાસવામાં આવ્યા હતા અને સંહિતાના વધુ વિસ્તરણ માટે સમય માળખું સ્વીકારવામાં આવ્યું હતું. તેને સંહિતામાં ભાગરૂપે ઝડપી પગલાં ના ધોરણે, મધ દરિયામાં સંરક્ષણ અને વ્યવસ્થાપન પગલાને અસર કરે એવા માછલાં પકડવાના વહાણોનું રીફ્લેગીંગ અટકાવવા દરખાસ્તો તૈયાર કરવા અન્ન અને કૃષિ સંગઠનને વિનંતી પણ કરેલી.

૭. જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતાનો વધુ વિકાસ પ્રસ્તુત સયુંકત રાષ્ટ્રની એજન્સીઓ અને બિન સરકારી સંગઠનો સહિત અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોની સાથે ચર્ચા-વિચારણા અને સહયોગથી હાથ ધરવામાં આવ્યા હતા.

૮. અન્ન અને કૃષિ સંગઠનના વહીવટી મંડળોની સૂચનાઓ અનુસાર, ૧૯૯૨ ની કેનકેન જાહેરાત ૧૧૯૨ ની રિયો જાહેરાત અને UNCED ના એજન્ડા ૨૧ની જોગવાઈઓ મધ દરિયે મચ્છીમારી અંગે અન્ન અને કૃષિ સંગઠનની ટેકનિકલ ચર્ચા-વિચારણા ૧૯૯૨ ના તારણો અને ભલામણો મત્સ્યોદ્યોગ સંચાલન અને વિકાસ અંગે ૧૯૮૪ ની અન્ન અને કૃષિ સંગઠનની વિશ્વ પરિષદે માન્ય રાખેલ વ્યૂહ અને જેને સટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોકને લગતી ૧૦ મી ડીસેમ્બર ૧૯૮૨ ના દરિયાના કાયદા અંગેના સયુંકત રાષ્ટ્રના સંમેલનની જોગવાઈઓના અમલીકરણનો કરાર અપનાવેલો એવી સટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક અંગેની તે વખતની ચાલુ સયુંકત રાષ્ટ્ર પરિષદના પરિણામ સહિત અન્ય પ્રસ્તુત દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને દરિયાના કાયદા અંગે સયુંકત રાષ્ટ્ર સંમેલન – ૧૯૮૨ ને સુસંગત હોય એ રીતે સંહિતાનો મુસદ્દો ઘડવામાં આવ્યો હતો.

૯. અન્ન અને કૃષિ સંગઠન પરિષદે, નવેમ્બર ૧૯૯૩ માં તેના સતાવીસમાં સત્રમાં મધદરિયામાં માછલાં પકડવાના જહાજો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલન

પગલાનાં અમલને પ્રોત્સાહન આપવાના કરારનો સ્વીકાર કરીને ભલામણ કરેલ કે વિષયને લગતી કલમો ઘડવાનું શરૂ કરવા ઝડપી ગતી એ જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિત ના સામાન્ય સિધ્ધાંતો તૈયાર કરવા જોઈએ. તે અનુસાર ફેબ્રુઆરી,૧૯૯૪ માં રોમમાં મળેલ સરકાર નિયુક્ત નિષ્ણાતોના વિધિસર કાર્ય જુથે સામાન્ય સિદ્ધાંતોના પાઠને મુસદ્દાની સમીક્ષા કરી હતી. સુધારેલ મુસદ્દો અન્ન અને કૃષિ સંગઠનના બધા સભ્યો અને સહ સભ્યો તેમજ આંતર-સરકારી અને બિન-સરકારી સંગઠનોને મોટા પાયે પરિપત્રિત કરવામાં આવ્યો હતો. સામાન્ય સિદ્ધાંતોના બીજા વર્ઝન પર મળેલ ટીકા ટીપ્પણીનો વૈકલ્પિક પાઠ માટેની દરખાસ્તો સહિત સંહિતાના મુસદ્દામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજ પણ ઓગષ્ટ ૧૯૯૪ માં ન્યુયોર્કમાં મળેલ સ્ટ્રેટલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક અંગેની સયુંકત રાષ્ટ્ર પરિષદના ચોથા સત્ર પ્રસંગે બિન-સરકારી સંગઠનો સાથેની વિધિસર ચર્ચા વિચારણાને આધીન હતો.

૧૦. સંહિતાના મુસદ્દામાં સંપૂર્ણ પાઠની વિચારણા કરવાનું સરળ બને એ માટે જૂન ૧૯૯૪ માં પરિષદે તેના એકસો છઠ્ઠા સત્રમાં મહા નિયામકે દરખાસ્ત કરેલી કે જવાબદારીપૂર્ણ મચ્છીમારી માટેની આચારસંહિતા અંગે ટેકનિકલ પરામર્શ (સમિતિ) ની બેઠક યોજવામાં આવે જે તેના વિસ્તરણના શરૂઆતના તબક્કે બધા સંબંધિત પક્ષકારોની વિસ્તૃત સામેલગીરી માટેની તક પૂરી પાડવા માટે અન્ન અને કૃષિ સંગઠનના બધા સભ્યો, હિત ધરાવતા બિન-સભ્યો, આંતર સરકારી અને બિન સરકારી સંગઠનો માટે ખુલ્લી રાખવામાં આવે.

૧૧. ટેકનિકલ પરામર્શ (સમિતિ) ૨૬ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર ૧૯૯૪ સુધી રોમમાં મળેલી અને સંપૂર્ણ સંહિતા માટેનો મુસદ્દો તથા સંહિતાની મોટાભાગની થીમેટિક કલમોને સમર્થન આપવા ટેકનિકલ માર્ગદર્શક સુચનાઓનો પ્રથમ મુસદ્દો રજુ કરવામાં આવ્યો હતો. આચાર સંહિતાના સંપૂર્ણ મુસદ્દાની બધી કલમોની સંપૂર્ણ સમીક્ષા પછી પૂર્ણ બેઠકમાં ચર્ચા દરમિયાન કરવામાં આવેલ ટીકા ટિપ્પણને આધારે વૈકલ્પિક સચિવાલય (સેક્રેટરીયેટ) મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. અને પરામર્શ દરમિયાન લેખિતમાં મુસદ્દાના ખાસ ફેરફારો રજુ કરવામાં આવ્યા હતા.

૧૨. પરામર્શ (સમિતિ) સંહિતાની છ થીમેટિક કલમોની ત્રણ એટલે કે કલમ ૯ દરિયાકાંઠાના વિસ્તારની વ્યવસ્થામાં મત્સ્યોદ્યોગનું એકીકરણ, કલમ-૬ મત્સ્યોદ્યોગ

વ્યવસ્થા, કલમ-૭ માછલાં પકડવાની કામગીરી માટે સ્ટ્રેટલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક ચાલુ સયુંકત રાષ્ટ્રની પરિષદના પરિણામથી અસર કરવાની સંભાવના હતી. એવા સિધ્ધાંતો માટે સિવાયના વૈકલ્પિક મુસદ્દાની પણ વિગતે સમીક્ષા કરી શકી હતી. અન્ન અને કૃષિ સંગઠનને તથા મત્સ્યોદ્યોગ અંગેની સમિતિ (COFI) ને સંક્ષિપ્ત વહીવટી અહેવાલ તૈયાર કરીને રજુ કરવામાં આવ્યો હતો.

૧૩. ટેકનિકલ પરામર્શ (સમિતિ) એ, ૧૫-૨૪ નવેમ્બર ૧૯૯૪ ના તેના એકસો સાતમાં સત્રમાં પરિષદને સૂચન કરેલું કે મુખ્યત્વે મધદરિયાના મુદ્દાની ચર્ચા કરતા સિદ્ધાંતોની આખરી શબ્દ- રચના સયુંકત રાષ્ટ્ર પરિષદનું પરિણામ ન આવે ત્યાં સુધી સ્થગિત રાખવી. પરિષદે નીચેની નોંધ કરીને સૂચિત કાર્યપદ્ધતિ સામાન્ય રીતે માન્ય રાખેલી મત્સ્યોદ્યોગ અંગેની સમિતિના આગામી સત્ર વખતે ચર્ચા-વિચારણા પછી સંહિતાનો આખરી મુદ્દો જૂન-૧૯૯૫ માં અન્ન અને કૃષિ સંગઠનની પરિષદને રજુ કરવામાં આવશે. જે તે પછી જરૂરી જણાશે તો સંહિતાની વિગતવાર જોગવાઈઓના વધુ વિસ્તરણ માટે પરિષદના તે સત્રની સમાંતર મળવાની ટેકનિકલ સમિતિ માટેની આવશ્યકતા પર નક્કી કરશે.

૧૪. ટેકનિકલ પરામર્શ (સમિતિ) વખતે મળેલ નોંધપાત્ર ટીકાટિપ્પણ અને વિગતવાર સૂચનો પર આધાર રાખીને સચિવાલયે જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતાનો સુધારેલો મુસદ્દો કાળજીપૂર્વક તૈયાર કરેલો, જે ૧૦ થઈ ૧૫ માર્ચ ૧૯૯૫ સુધી મળેલ મત્સ્યોદ્યોગ અંગેની સમિતિના એકવીસમાં સત્રમાં રજુ કરવામાં આવ્યો હતો.

૧૫. મત્સ્યોદ્યોગ અંગેની સમિતિને જન પણ કરવામાં આવી હતી કે સયુંકત રાષ્ટ્ર પરિષદ ઓગષ્ટ-૧૯૯૫ માં તેની કામગીરી પૂરી કરે એવી અપેક્ષા હતી, એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે સંહિતાના પાઠના મુસદ્દાના સ્થગિત રાખેલ સિદ્ધાંતોનો, ઓક્ટોબર ૧૯૯૫ માં અન્ન અને કૃષિ સંગઠનના સંમેલનમાં અઠાવિસમાં સત્રમાં તે અપનાવવા માટે સંપૂર્ણ સંહિતા રજુ કરવામાં આવે તે પહેલાં સમિતિ અને પરિષદ દ્વારા નક્કી કરવામાં આવે એવી તંત્ર વ્યવસ્થા અનુસાર સયુંકત રાષ્ટ્ર પરિષદ ખાતે સંમત ભાષામાં મેળ બેસાડી શકાશે.

૧૬. આચારસંહિતાનો મુસદ્દો તૈયાર કરવામાં સચિવાલયે લીધેલા વિવિધ પગલાંની સમિતિને જન કરવામાં આવી હતી. સંહિતાના પાઠના મુસદ્દાની સમીક્ષા કરવા સમિતિએ ખુલ્લાસા કાર્ય-જૂથની સ્થાપના કરી હતી. ૧૦ થી ૧૪ માર્ચ ૧૯૯૫ સુધી મળેલ કાર્ય-જુથે ટેકનિકલ પરામર્શ (સમિતિ) એ હાથ ધરેલ કામગીરીના અનુસંધાનમાં સંહિતાના મુસદ્દાની

વિગતવાર સુધારણા હાથ ધરી હતી. તેને કલમ ૮ થી ૧૧ નો પાઠ પૂરો કરીને મંજુર કર્યો હતો. સમયની મર્યાદાને લક્ષમાં લઈને કાર્ય જુથે કલમ ૧ થી ૫ નો મુસદ્દો ફરીથી ઘડવા સચિવાલયને આદેશ આપેલા, સંશોધન અને સહકાર તેમજ જળચર પાલનના તત્વોનો સંહિતાની થીમેટિક ક્લબોમાં વિકસિત મુદ્દો દર્શાવવા કલમ ૫ સામાન્ય સિદ્ધાંતોમાં સમાવેશ કરવાની પણ ભલામણ કરવામાં આવી હતી.

૧૭. સંહિતાને આખરીરૂપ આપવાની તંત્ર-વ્યવસ્થા અંગે પરિષદના ૧૦૭ માં સત્રને માન્ય રાકેલ દરખાસ્તોનું સમિતિએ સમર્થન કર્યું હતું. સંહિતાનો માત્ર એક નાનો ભાગ બનતા મુખ્યત્વે સ્ટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક સાથે સંબંધ ધરાવતા મુદ્દાને સ્પર્શતા સિદ્ધાંતોની આખરી શબ્દ રચના સયુંકત રાષ્ટ્ર પરિષદના પરિણામને ધ્યાનમાં લઈને ફરીથી તપાસવી જોઈએ. જુથે એવી પણ ભલામણ કરી હતી કે એકવાર તાત્પર્ય અંગે સહમતી સધાય હતી તેની આખરી બહાણી સરળ બનાવવા સંહિતાના કાનૂની, ટેકનિકલ અને રૂઢીપ્રયોગના પાસાંનો સુમેળ સાધવાનું જરૂરી બનશે.

૧૮. ખુલ્લા કાર્ય જુથનો અહેવાલ મત્સ્યોદ્યોગ અંગેના સમિતિના સત્રના જોડે ૧૪ અને ૧૫ માર્ચ ૧૯૯૫ ના રોજ મળેલ મત્સ્યોદ્યોગ અંગેની મંત્રાલયની બેઠકમાં રજુ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાંથી પરીણમેલ વિશ્વ મત્સ્યોદ્યોગ અંગેની રોમ સર્વાનુમતી (કોન્સેન્સસ) એ અનુરોધ કરેલો કે ઓક્ટોબર ૧૯૯૫ માં અન્ન અને કૃષિ સંગઠન પરિષદને આખરી પાઠ રજુ કરવા જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આંતરરાષ્ટ્રીય આચારસંહિતા સંપૂર્ણ કરવા સરકારો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ ત્વરિત કાર્યવાહી કરવી.

૧૯. પરિષદના ૧૦૮ માં સત્રમાં આચાર સંહિતાની સુધારેલ આવૃત્તિ રજુ કરવામાં આવી હતી. પરિષદે ખુલ્લી ટેકનિકલ સમિતિની સ્થાપના કરી સમિતિએ સભ્યો અને નિરિક્ષકોના વિસ્તૃત પ્રાદેશિક પ્રતિનિધિત્વ સાથે ૫ થી ૯ જૂન ૧૯૯૫ સુધી તેનું પ્રથમ સત્ર યોજેલું.

૨૦. ટેકનિકલ સમિતિએ પરિષદને જન કરી હતી કે તેને પ્રસ્તાવના સહિત કલમ ૧ થી ૫ ની સંપૂર્ણ સમીક્ષા હાથ ધરી હતી. તેને કલમ ૮ થી ૧૧ પણ તપાસી, સુધારીને મંજુર કરી હતી. પરિષદને એવી પણ જન કરવામાં આવી હતી કે સમિતિએ કલમ ૬ સુધારવાનું શરૂ કર્યું હતું.

૨૧. પરિષદે ટેકનિકલ સમિતિએ હાથ ધરેલ કામગીરી મંજુર કરીને સ્ટ્રેડલિંગ મત્સ્યસ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક અંગેની સયુંકત રાષ્ટ્ર પરિષદનું પરિણામ ધ્યાનમાં

રાખીને અગાઉ સચિવાલયે પાઠનો ભાષાકીય રીતે અને કાયદાકીય રીતે સુમેળ સાધેલ સંહિતાની સુધારણા પૂરી કરવા ૨૫ થી ૨૯ સપ્ટેમ્બર ૧૯૯૫ સુધી ભરાવનાર બીજા સત્ર માટે તેની ભલામણો માન્ય રાખેલી.

૨૨. તેના પ્રથમ સત્ર (૫-૯ જૂન ૧૯૯૫) ખાતે ખુલ્લી ટેકનિકલ સમિતિએ મંજુર કર્યા પ્રમાણે અને પરિષદના એકસો આઠમાં સત્રમાં સમર્થન આપેલ સંહિતાની બીજી આવૃત્તિ (VERSION) પરિષદના દસ્તાવેજ ( સી ૯૫-૨૦) અને ટેકનિકલ સમિતિના બીજા સત્ર માટેના કામગીરી પેપર બંને તરીકે બહાર પાડવામાં આવી હતી. બાકી નિર્ણય સંમતિની તત્વો સ્પષ્ટ પને મુકરર કરવામાં આવ્યા હતા.

૨૩. સમગ્ર સંહિતાને આખરી રૂપ આપવાની સરળતા કરી આપવા સચિવાલયે ઓગષ્ટ ૧૯૯૫ માં સયુંકત રાષ્ટ્ર પરિષદે અપનાવેલ સ્ટ્રેટલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોકના સંરક્ષણ અને સંચાલનને લગતા કરારને ધ્યાનમાં રાખીને જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતાની કલમ-૬ મત્સ્યોદ્યોગ સંચાલન અને કલમ-૭ માછલાં પકડવાની કામગીરી માટે સચિવાલય દરખાસ્તો નો દસ્તાવેજ તૈયાર કરેલો. સચિવાલયે કાનૂની અને ભાષાકીય પાસાં અંગે પાઠ સંવાદિતા માટેની દરખાસ્તો પણ પૂરી કરીને સત્ર માટે ત્રણ ભાષામાં (અંગ્રેજી, ફ્રેન્ચ અને સ્પેનીશ) સમિતિએ આ ઉપલબ્ધ કરી આપી હતી.

૨૪. પ્રદેશો અને હિત ધરાવતા સંગઠનોના બહોળા પ્રતિનિધિત્વ સાથે પરિષદની ખુલ્લી ટેકનિકલ સમિતિનું બીજું સત્ર ૨૫ થી ૨૯ સપ્ટેમ્બર ૧૯૯૫ સુધી મળેલ સમિતિએ સહયોગથી સંપૂર્ણ ભાવનાથી કામ કરીને બધી કલમો અને સમગ્રતા સંહિતાને આખરીરૂપ આપીને માન્ય કરીને તેનો આદેશ સફળતાપુર્વક પૂરો કર્યો હતો. સંહિતાના પાઠની વાટાઘાટોને આખરીરૂપ આપવામાં આવ્યું હતું, એ અંગે ટેકનિકલ સમિતિ સંમત થઇ હતી. ભાષાની સંવાદિતા અંગેના ખુલ્લા વિધિસર જુથે એક વધારાનું સત્ર યોજેલ અને સચિવાલયની સાથે મળીને છેવટના સત્ર ખાતે અપનાવ્યા પ્રમાણે પાઠના આધારે સુમેળ સાધવાનું પૂરું કર્યું હતું. ટેકનિકલ સમિતિએ પરિષદના એકસો નવમાં સત્રને અને સંમેલનના (CONFERENCE) અઠ્ઠાવીસમાં સત્રને સંમેલનના સુધારેલ દસ્તાવેજ તરીકે આખરીરૂપ આપેલ આવૃત્તિ (નકલ) મોકલી આપવા સચિવાલયને સુચના આપેલી પરિષદે ટેકનિકલ સમિતિ દ્વારા આખરી રૂપ આપેલ આચાર સંહિતાને માન્ય રાખેલ સંમેલનના છેલ્લા સત્રમાં અપનાવેલ પાલન કરારને તાકીદની બાબત તરીકે બહાલી રાખવા દેશોને

જણાવવા સહિત સંમેલન માટે જરૂરી ઠરાવનો મુસદ્દો તૈયાર કરવા સચિવાલયને જણાવવામાં આવ્યું હતું. ૩૧ મી ઓક્ટોબર ૧૯૯૫ ના રોજ સંમેલનના અઠ્ઠાવીસમાં સત્રમાં જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતા અને જોડાણ-૨ માં દર્શાવેલ જે તે ઠરાવ સ્વીકારવામાં આવેલ છે.

**ઠરાવ**

**પરિષદ**

વિશ્વની આહાર સુરક્ષા અને આર્થિક તથા સામાજિક વિકાસમાં તેમજ જીવંત જળચર સાધનોની સ્થિરતાની ખાતરીની જરૂરત અને વર્તમાન તથા ભાવિ પેઢીઓ માટે તેમના પર્યાવરણમાં મત્સ્યોદ્યોગની અગત્યની ભૂમિકા **માન્ય રાખીને**

૧૯ મી માર્ચ ૧૯૯૧ ના રોજ મત્સ્યોદ્યોગ અંગેની સમિતિએ જવાબદારીપૂર્ણ મચ્છીમારીની વિભાવનાના વિકાસની અને આ બાબત અંગેનો દસ્તાવેજ પકડવાની કરેલી ભલામણ **યાદ કરાવીને.**

અન્ન અને કૃષિ સંગઠનના સહયોગથી મેક્સિકો સરકારે યોજેલ મે ૧૯૯૨ ની જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદમાંથી ઉદ્દભવેલ કેનકેન જાહેરાતમાં જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ અંગેની આચારસંહિતા તૈયાર કરવા માટે કરેલ માંગણીની વિચારણા કરીને ૧૯૮૨ ના દરિયાના કાયદા અંગેના સયુંકત રાષ્ટ્રોના સંમેલનનો અમલ કરતા અને ૧૯૯૨ ની રિયો જાહેરાતમાં અને પર્યાવરણ અને વિકાસ અંગેની સયુંકત રાષ્ટ્ર પરિષદના એજન્ડા ૨૧ ની જોગવાઈઓમાં અપેક્ષિત હતું એ પ્રમાણે સ્ટ્રેડલિંગ મત્સ્યોદ્યોગ સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોકના સંરક્ષણ વ્યવસ્થાને લગતી ૧૦મિ ડીસેમ્બર ૧૯૮૨ ના દરિયાના કાયદા અંગેના સયુંકત રાષ્ટ્ર સંમેલનની જોગવાઈઓના પાલન માટેનો કરાર અપનાવવામાં આવતા પેટા-પ્રાદેશિક અને પ્રાદેશિક સહકાર માટે વધુ જરૂરત છે. તે અને તેના આદેશ અનુસાર અન્ન અને કૃષિ સંગઠન પર નોંધપાત્ર જવાબદારી સોંપવામાં આવી છે એ **ધ્યાનમાં રાખીને**

૧૯૯૩માં પરિષદે મધદરિયે માછલાં પકડવાના વહાણો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલનના પગલાના અનુપાલનને ઉતેજન આપવાના અન્ન અને કૃષિ સંગઠનનો કરાર અપનાવેલો અને આ કરાર આચારસંહિતાનો અંતર્ગત ભાગ બનશે એની **ફરી યાદ અપાવીને,**

અન્ન અને કૃષિ સંગઠને તેની વહીવટી સંસ્થાઓના નિર્ણય અનુસાર આચાર સંહિતા ઘડવા માટે શ્રેણીબદ્ધ ટેકનિકલ બેઠકો યોજી હતી. અને આ બેઠકોના પરિણામે જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતાના પાઠ અંગે કરાર થયો હતો તેની સંતોષ સાથે **નોંધ લઈને**

૧૪-૧૫ માર્ચે ૧૯૯૫ ની મત્સ્યોદ્યોગ અંગેની મંત્રાલય અંગેની રોમ સર્વાનુમતી (કોન્સેન્સસ) એ બીજી બાબતોની સાથોસાથ જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચારસંહિતા પૂરી કરીને મત્સ્યોદ્યોગની સ્થિતિને અસરકારક પ્રતિભાવ આપવા અને મધ દરિયે માછલાં પકડવાના વહાણો દ્વારા આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સંચાલન પગલાના પાલનને પ્રોત્સાહન આપવાના કરાર અપનાવવા વિચારણા કરવા સરકારો અને આંતરરાષ્ટ્રીય સંગઠનનો કરેલ અનુરોધનો <u>**સ્વીકાર કરીને:**</u>

૧. જવાબદારીપૂર્ણ મત્સ્યોદ્યોગ માટેની આચાર સંહિતા અપનાવવાનું ઠરાવે છે.

૨. આ સંહિતામાં સમવિષ્ટ ઉદેશો અને સિદ્ધાંતોનું પાલન કરવા અને અમલ કરવામાં સહયોગ આપવા રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય સંગઠનો સરકારી કે બિન સરકારી અને મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ બધાને વિનંતી કરે છે.

૩. આ સંહિતાની જોગવાઈઓનો અમલ કરવામાં વિકસતા દેશોની ખાસ જરૂરિયાતો ધ્યાનમાં રાખવા અનુરોધ કરવામાં આવે છે.

૪. આ સંહિતાનો અમલ કરવામાં વિકસતા દેશોને સલાહ પૂરી પાડવા અને સંહિતાના અમલીકરણના સમર્થનના ઉદ્દેશથી બાહ્ય સહાય માટે આંતરપ્રાદેશિક સહાય કાર્યક્રમ વિગતવાર તૈયાર કરવા કાર્ય અને અંદાજપત્રના કાર્યક્રમમાં જોગવાઈ કરવા અન્ન અને કૃષિ સંગઠનને <u>**વિનંતી કરવામાં આવે છે.**</u>

૫. સભ્યો અને હિત ધરાવતા પ્રસ્તુત સંગઠનોના સહયોગમાં યોગ્ય લાગે તે રીતે સંહિતાના અમલીકરણમાં સમર્થનમાં ટેકનિકલ માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવા અન્ન અને કૃષિ સંગઠને <u>**વધુ વિનંતી કરવામાં આવે છે.**</u>

૬. સંહિતાના અમલ પર અને સયુંકત રાષ્ટ્રોના સંગઠનો દ્વારા અન્ય દસ્તાવેજો અને ઠરાવો અને ખાસ કરીને સ્ટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોકના સંરક્ષણ અને સંચાલનને લગતા ૧૦ ડીસેમ્બર ૧૯૮૨ ના દરિયાના કાયદા અંગેના સયુંકત રાષ્ટ્રોના સંમેલનની જોગવાઈઓના અમલીકરણ માટેના કરાર તરફ દોરી જતી સ્ટ્રેડલિંગ મત્સ્ય સ્ટોક અને ઉચ્ચ સ્થાનાંતરિત મત્સ્ય સ્ટોક અંગેની પરિષદને અસરકારક બનાવવા સામાન્ય સભા દ્વારા અપનાવાયેલ ઠરાવો હેઠળ

કરેલ કાર્યવાહી સહિત મત્સ્યોદ્યોગ પર તેની અસરો પર દેખરેખ રાખવા અને અહેવાલ આપવા અન્ન અને કૃષિ સંગઠનને **જણાવવામાં આવે છે.**

૭. મત્સ્યોદ્યોગમાં પેટા-પ્રાદેશિક, પ્રાદેશિક અને વૈશ્વિક સહકાર અને સંકલનના સમર્થનમાં મત્સ્યોદ્યોગના સંરક્ષણ અને સંચાલનના મુદ્દા વધુ અસરકારક રીતે હાથ ધરવા પ્રાદેશિક મત્સ્યોદ્યોગ સંસ્થાઓને સંગીન બનાવવા અન્ન અને કૃષિ સંગઠનને **અનુરોધ કરવામાં આવે છે.**

***

આ પ્રકાશનમા કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝની પૂર્વભૂમિકા, ઉદભવ અને દરેક કોડનુ વર્ણન કરેલ છે, જેનો ઠરાવ એફ.એ.ઓ. દ્વારા ઓગણત્રીસમાં સત્રમાં ૩૧ ઓક્ટોબર ૧૯૯૫ નાં રોજ પાસ કરેલ છે.

*Translated and Printed by the Bay of Bengal Programme*
*Inter-Governmental Organisation*
*March 2021*